RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૪ ● અંક: ૭૭ ● તારીખ: ૨૭-૦૬-૨૦૨૫,શુક્રવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# ભારતમાં બંધારણ જ સર્વોપરી, સંસદ એના મૂળ માળખા સાથે ખિલવાડ ન કરી શકે : સીજેઆઈ



ભારતના ચીફ જસ્ટિસ (CJI) બી. આર. ગવઈએ કહ્યું છે કે ભારતનું બંધારણ સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો ન્યાયપાલિકા, કારોબારી અને વિધાનસભા તેના હેઠળ કાર્ય કરે છે. એટલું જ નહીં, સીજેઆઈએ એમ પણ કહ્યું કે કેટલાક લોકો કહે છે કે સંસદ સર્વોપરી છે, પરંતુ મારા મતે બંધારણ સર્વોપરી છે.થોડાં દિવસો પહેલા જ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડેએ એક નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે 'સંસદ સર્વોપરી છે.' એવામાં CJI બી. આર. ગવઈ તેમના વતન અમરાવતીમાં તેમના સન્માન સમારોહમાં સંસદ, ન્યાયતંત્ર અને બંધારણ વચ્ચે સર્વોચ્ચતા પર ચર્ચાને આગળ ધપાવતાં મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. આ અંગે તેમણે કહ્યું હતું કે, 'ભારતનું બંધારણ દેશમાં સર્વોપરી છે અને લોકશાહીના ત્રણેય અંગો બંધારણ અનુસાર કાર્ય કરે છે. સંસદ પાસે ચોક્કસપણે બંધારણમાં સુધારો કરવાની સત્તા છે, પરંતુ તે ક્યારેય બંધારણના મૂળભૂત માળખા સાથે છેડછાડ કરી શકે નહીં. CJIગવઈએ આ દરમિયાન ન્યાયાધીશો વિશે પણ વાત કરતાં કહ્યું કે, 'સરકાર વિરુદ્ધ આદેશ આપીને કોઈપણ જજને સ્વતંત્ર ન કહી શકાય. જજે હંમેશા યાદ રાખવું જોઈએ કે આપણી ફરજ શું છે અને આપણે નાગરિકોના અધિકારો, બંધારણીય મૂલ્યો અને સિદ્ધાંતોના રક્ષક છીએ. આપણી પાસે ફક્ત સત્તા નથી, પરંતુ તે એક ફરજ પણ છે.CJIએ વધુમાં કહ્યું કે, 'જજે લોકો તેમના નિર્ણય વિશે શું કહેશે અથવા શું અનુભવશે તેનાથી પ્રભાવિત થવું જોઈએ નહી. આપણે સ્વતંત્ર રીતે વિચારવું પડશે.

## ૨૩ વર્ષની ભારતીય યુવતી અંતરિક્ષ માટે ભરશે ઉડાન



EarthLoop Orbital Cruise મિશન માટે પસંદગીભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લા ૨૫મી જૂને નાસા (NASA)ના એક્સિઓમ-૪ (Axiom-4) મિશન હેઠળ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) માટે ઉડાન ભરી હતી.

આ દરમિયાન આંધ્રપ્રદેશના ગોદાવરી જિલ્લાની રહેવાસી ૨૩ વર્ષીય જાહ્નવી ડાંગેતી વર્ષ ૨૦૨૯માં અંતરિક્ષની યાત્રા કરવા જઈ રહી છે. અમેરિકાના ટાઈટન્સ સ્પેસ દ્વારા અર્થલૂપ ઓર્બિટલ ક્રૂઝ (EarthLoop Orbital Cruise) મિશન માટે તેમની પસંદી કરવામાં આવી છે.

આ મિશન હેઠળ તે પૃથ્વીની બે વાર પરિક્રમા કરશે અને લગભગ ૩ કલાક સુધી ઝીરો ગ્રેવિટીમાં રહેશે.

## ભરૂચ મનરેગા કૌભાંડમાં નવો વળાંક: કોંગ્રેસ નેતા હીરા જોટવાની પોલીસે કરી અટકાયત

ભરૂચ જિલ્લાના ૫૬ ગામોમાં રૂપિયા ૭.૩૦ કરોડનું મનરેગા કૌભાંડ સામે આવ્યું હતું. આ કેસમાં ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતિક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, હાંસોટમાં કરોડોનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. હવે આ મામલે ભરૂચ પોલીસે કોંગ્રેસ નેતા હીરા જોટવાની ગીર સોમનાથથી અટકાયત કરી છે. હાલ તેમની પૂછપરછ કરવામાં આવી રહી



છે.ભરૂચ ખાતે મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ફરજ બજાવતા પ્રતિક ઉદેસિંહ ચૌધરીએ મનરેગા યોજનામાં આમોદ, જંબુસર, હાંસોટમાં કરોડોનું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સી(પિયુષભાઈ નુકાણી) , મુરલીધર એન્ટરપ્રાઈઝ (જોધાભાઈ સભાડ) અને કરાર આધારિત આઉટસોર્સ કર્મચારી સામે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ આ મામલે AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ કોંગ્રેસનાં નેતા હીરા જોટવા પર આદિવાસી વિસ્તારમાંથી 'મનરેગા કૌભાંડ' હેઠળ ૪૦૦ કરોડ રૂપિયા ખંખેર્યા હોવાનો આરોપ લગાવ્યો હતો.

## ઘોષિત અને અઘોષિત કટોકટીમાં ફરક છે, ઈમરજન્સીના ૫૦ વર્ષ પૂર્ણ થવા પર શરદ પવારનું મોટું નિવેદન



NCP (SP)ના અધ્યક્ષ શરદ પવારે બુધવારે (૨૫ જૂન) કહ્યું કે, દેશમાં ૫૦ વર્ષ પહેલા લગાવવામાં આવેલી કટોકટી દુર્ભાગ્યપૂર્ણ હતી, પરંતુ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ તેના માટે માફી માગી હતી. મુંબઈમાં શ્રમિક સંઘો તરફથી આયોજિત એક કાર્યક્રમમાં પવારે આ વાત પર ભાર આપ્યો કે, નાગરિકોના મૌલિક અધિકારોની રક્ષા કરવાનું એક પવિત્ર કાર્ય છે અને લોકોને આજ પણ તેની રક્ષા પ્રત્યે સતર્ક રહેવાની જરૂર છે.શરદ પવારે યાદ અપાવ્યું કે, સમાજવાદી દિગ્ગજો જોર્જ ફર્નાન્ડિસ, ચંદ્રશેખર અને મધુ દંડવતે સાથે પરામર્શ બાદ ૧૯૭૮માં મહારાષ્ટ્રમાં સરકારમાં પરિવર્તન (કોંગ્રેસના નેતૃત્વમાં) કરાયું અને તેઓ મુખ્યમંત્રી બન્યા. કેન્દ્રમાં ભાજપની સરકારનો ઉલ્લેખ કરતા પવારે કહ્યું કે, હાલની સરકારની ટીકા કરવી અસ્વીકાર્ય માનવામાં આવે છે.પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આજે આપણે સાવધાન રહેવું પડશે. આજે પણ મીડિયામાં સરકારની ટીકાને સારી ગણવામાં નથી આવતી. પત્રકારોને ધમકાવવામાં આવે છે. ઘોષિત અને અઘોષિત ઈમરજન્સીમાં ફરક હોય છે. સામાન્ય નાગરિકોને કોઈ પણ કિંમતે સંસદીય લોકશાહીને સંરક્ષિત અને સુરક્ષિત રાખવા માટે એકજુટ રહેવાનું આહ્વાન કર્યું.

## ઘરે ઘરે જઈને મતદાર યાદીની ચકાસણી કરાશે




ચૂંટણી પંચનો પ્લાન ચૂંટણી પંચે બિહાર વિધાનસભા ચૂંટણી માટે ઘરે ઘેર જઈને મતદાર યાદીની ચકાસણી કરવાની પહેલ શરૂ કર્યા બાદ અન્ય પાંચ રાજ્યોમાં પણ આવુ અભિયાન ચલાવશે. આ વર્ષના અંતે બિહારમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે,

ત્યારે પંચે બિહારની જેમ અન્ય પાંચ રાજ્યોમાં ઘરે ઘરે જઈને મતદાર યાદીની ચકાસણી કરવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રો પાસેથી માહિતી મળી છે.

બિહાર બાદ આવતા વર્ષે તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ, પુડુચેરી અને કેરાલામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ શકે છે.


સૂત્રોના જણાવ્યા મુજબ ચૂંટણી પંચે પાંચેય રાજ્યોની ચૂંટણીને ધ્યાને રાખી અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. મતદારોએ ચકાસણી દરમિયાન જન્મ તારીખ અને જન્મ સ્થળ સંબંધિત દસ્તાવેજો સાથે ઘોષણાપત્ર પણ રજુ કરવાના રહેશે.

## ડુઘરવાડા ગામ પંચાયતનું સુકાન મહિલાના શિરે



કનુ વાળંદ - ડુઘરવાડા ગ્રામ પંચાયત ચૂંટણીમાં યામીનીબેન જયકુમાર પટેલનો ભવ્ય વિજય થતાં તેમને આ તબક્કે ગામના તમામ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

## દાવલી વોર્ડ નં.૭માં વિજેતા થયા



કંદર્પ પંડ્યા - મોડાસા તાલુકા ના દાવલી ગામ પંચાયત ની યોજાયેલ ચૂંટણીમાં વોર્ડ નં-૭ માંથી કંદર્પ પ્રવીણભાઈ પંડ્યા નો વિજય થતાં તેમને સર્વે મતદારોનો આતબકકે આભાર માન્યો હતો.અને આગામી પંચ વર્ષિય યોજનામાં વિકાસના કામો કરવા માટે સદાય તત્પર રહેવાનું મતદારોને આશ્વાસન આપ્યું હતું.-અખંડ ભારત

## સાબરકાંઠા સાસંદે પ્રાંતિજના તાજપુરથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ કરાવ્યો

રાઠોડ ભરતસિંહ - બે દાયકાથી તત્કાલીન મુખ્યમંત્રી અને યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં શરૂ થયેલા શિક્ષા યજ્ઞના મહત્વના કાર્યક્રમ ×શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫× ના શુભારંભ અવસરે સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના લોકપ્રિય સાંસદ શ્રીમતી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયા જીએ પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે તાજપુર-૧ અને ૨ પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા અને ધોરણ -૧ માં બાળકોને પ્રવેશ કરાવી શાળા પ્રવેશ કીટ આપી વિદ્યારંભ કરાવ્યો હતો.વર્ષ ૨૦૦૩ માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ – કન્યા કેળવણી કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ઈતિહાસની આ પ્રથમ એવી ઘટના હતી, જેમાં મુખ્યમંત્રી સહિતના પદાધિકારીઓ અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓએ ગામડે-ગામડે જઈ શાળા પ્રવેશોત્સવ થકી નાના ભૂલકાઓને શાળામાં ભણવા આવવા માટે આવકાર્યા હતા.

આ તકે સાંસદશ્રીએ "એક પેડ માં કે નામ" અંતર્ગત વૃક્ષારોપણ કર્યું.આ કાર્યક્રમમાં સાંસદશ્રી સાથે તાલુકા સંગઠન પ્રમુખ શ્રી કલ્પેશભાઈ પટેલ,નાયબ પશુપાલન અધિકારીશ્રી જે.બી.પટેલ,ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ,અધિકારીશ્રીઓ,શિક્ષકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

-અખંડ ભારત

## અમેરિકા વચ્ચે આવ્યું, નહીંતર ઇઝરાયલનો ખાતમો કરી નાંખ્યો હોત, ઈરાનના સુપ્રીમ લીડરે કરી જીતની જાહેરાત




ઈરાન-ઈઝરાયલ વચ્ચે ૧૨ દિવસ યુદ્ધ ચાલ્યા બાદ યુદ્ધવિરામ થઈ ગયું છે. ઈઝરાયલે ઈરાન પર હુમલાની શરુઆત કર્યા બાદ અમેરિકાએ પણ ઈરાનના પરમાણુ મથકોને ટાર્ગેટ કર્યા હતા. આ તમામ ઘટનાક્રમ પર પૂર્ણવિરામ મૂકાયા બાદ ઈરાનના સુપ્રીમ લીડર અયતુલ્લા ખામેનેઈ (Iran Supreme Leader Ayatollah Ali Khamenei) જીતનો દાવો કર્યો છે. ખામેનેઈએ સત્તાવાર નિવેદન જાહેર કરીને 'મહાન દેશ ઈરાન'ને અભિનંદન પાઠવ્યા છે. તેમણે એવું પણ કહ્યું કે, અમેરિકા વચ્ચે ન આવ્યું હોત તો અમે ઈઝરાયલનો ખાતમો કરી નાખ્યો હોત.' ઈઝરાયલે હુમલા કર્યા બાદ ખામેનેઈ ઘણા દિવસથી ગુમ હતા. અમેરિકાના હુમલા બાદ ખામેનેઈ પહેલી વખત નિવેદન જાહેર કરી ઈઝરાયલ પર જીતની જાહેરાત કરી છે. ઈરાનની સરકારી સમાચાર એજન્સી ઈરનાએ ખામેનેઈને ટાંકીને કહ્યું છે કે, 'શોરબકોર અને અનેક દાવાઓ કર્યા છતાં ઈઝરાયલ ધ્વસ્ત થઈ ગયું છે. ઈસ્લામી ગયતંત્રએ કરેલા હુમલાઓએ ઈઝરાયલને સંપૂર્ણ કચડી નાખ્યું છે. અમેરિકાને લાગતું હતું કે, જો તે યુદ્ધમાં સામેલ નહી થાય તો ઈઝરાયલ સંપૂર્ણ નષ્ટ થઈ જશે. અમેરિકાને પણ યુદ્ધથી કોઈ હાંસલ થયું નથી.' ખામેનેઈએ ઈઝરાયલનું નામ લીધું નથી.

## આતંકવાદના એપિસેન્ટર હવે સુરક્ષિત નથી, કાર્યવાહી થતી રહેશે - રાજનાથસિંહ



ભારતના સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ ચીન પહોંચી ગયા છે. તેઓ ત્યાં શાંઘાઈ કો-ઓપરેશન ઑર્ગેનાઈઝેશન(SCO)ના સંરક્ષણમંત્રીઓની બેઠકમાં ભાગ લીધો. આ મુલાકાત ખાસ એટલા માટે છે કારણ કે, મે ૨૦૨૦માં પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં ભારત અને ચીન વચ્ચે સરહદ પર ગંભીર લશ્કરી તણાવ થયો હતો. તે પછી કોઈપણ ભારતીય વરિષ્ઠ મંત્રીની આ પ્રથમ ચીન યાત્રા છે. બે દિવસીય આ બેઠકમાં સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ આતંકવાદ સામે લડવા માટે દેશો વચ્ચે વધુ સહયોગ કરવાની વાત કરશે.

## તંત્રી લેખ...

# ઓનલાઈન ખરીદીમાં ઈ-કોમર્સ ફ્રોડથી બચવાના ઉપાયો

હાલના સમયમાં ઓનલાઈન શોપિંગ પહેલા કરતા વધુ સરળ બની ગયું છે, પરંતુ તેની સાથે ઓનલાઈન છેતરપિંડીના કિસ્સાઓ પણ ઝડપથી વધી રહ્યા છે.

જેમ જેમ ઓનલાઈન ખરીદદારોની સંખ્યા વધી રહી છે, તેમ તેમ સાયબર ગુનેગારો પણ તેમને નવી રીતે નિશાન બનાવી રહ્યા છે. આ ગુંડાઓ નકલી વેબસાઈટ બનાવી રહ્યા છે.ઓનલાઈન શોપિંગમાં વધતી છેતરપિંડીની ઘટનાઓજેમ જેમ ભારતમાં ઓનલાઈન ખરીદીનો ટ્રેન્ડ વધી રહ્યો છે, તેમ તેમ ઈ-કોમર્સ ફ્રોડના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે.

ઠગો ફેક વેબસાઈટ્સ,ફિશિંગ મેસેજ અને નકલી કસ્ટમર કેર કોલ્સ વડે લોકોની વ્યક્તિગત અને બેંકિંગ માહિતી ચોરી રહ્યા છે.

ઓનલાઈન છેતરપિંડી કરનારાઓ વપરાશકર્તાઓ પાસેથી પૈસા કે બેંક વિગતો મેળવવા માટે તેમને છેતરવા માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. ગૃહ મંત્રાલયના I4C વિભાગે જારી કરી ચેતવણીભારતીય સાઈબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર (I4C) જે ગૃહ મંત્રાલય હેઠળ કાર્યરત છે, તેણે જાહેર ચેતવણી આપી છે. તેમાં લોકોને ફેક શોપિંગ સાઈટ્સ, ડિલિવરી અપડેટના નામે મોકલાતા લિંક્સ અને ફિશિંગ મેસેજથી સાવચેત રહેવા જણાવ્યું છે. સરકારની સાયબર સુરક્ષા એજન્સી સાયબરડોસ્ટે પણ ટ્વીટ કર્યું છે કે, ઓનલાઈન શોપિંગ કૌભાંડો, નકલી સાઈટ્સ અને ફિશિંગ સંદેશાઓથી સાવધ રહો.

તપાસ કર્યા વિના કોઈપણ લિંક પર ક્લિક કરશો નહી. ફક્ત વિશ્વસનીય પ્લેટફોર્મ પર જ ખરીદી કરો. ફ્રોડના સામાન્ય રીતેજ થઈ જાય છે જેમકે ફિશિંગ ડિલિવરી મેસેજ દ્વારા ઓર્ડર હોલ્ડ પર હોવાનું કહીને પેમેન્ટ કન્ફર્મ કરવા માટે લિંક મોકલવામાં આવે છે, જે ક્લિક કરતા ફેક સાઈટ પર લઈ જાય છે. ફેક શોપિંગ સાઈટ્સ ઓરિજિનલ સાઈટ જેવી દેખાતી સાઈટ્સ હોય છે જે ભારે ડિસ્કાઉન્ટ આપી ગ્રાહકોને લલચાવે છે, પણ પેમેન્ટ પછી પ્રોડક્ટ ન મોકલે. સોશિયલ મીડિયા સ્કેમ્સ એ Facebook જેવી સાઈટ્સ પર સ્પોન્સર્ડ પોસ્ટ્સ દ્વારા ફેક ડીલ્સનું પ્રચાર થાય છે. પેમેન્ટ કન્ફર્મેશન સ્કેમ એવું છે કે ઓર્ડર અધૂરું હોવાનું કહીને પેમેન્ટ વેરિફાય કરવા કહે છે, જેનાથી ડેટા ચોરી થાય છે. માટે અજાણ્યા નંબર કે ઈમેલમાંથી આવેલા લિંક્સ પર ક્લિક ન કરો.ઓર્ડર સ્ટેટસ ચેક કરવા માટે માત્ર અધિકૃત એપ કે વેબસાઈટનો ઉપયોગ કરો.

ખરીદી માટે માત્ર વિશ્વસનીય પ્લેટફોર્મ પસંદ કરો. પેમેન્ટ કરતા પહેલા URL https://થી શરૂ થાય છે કે નહી તે તપાસો.કોઈ પણ કંપની ક્યારેય OTP કે કાર્ડની સિક્યોરિટી માહિતી માંગતી નથી.

# ગડાધર પ્રાથમિક શાળામાં યોજાયો પ્રવેશોત્સવ



ડી. કે. પટેલ -અરવલ્લી જિલ્લાના નેશનલ હાઈવે ઉપર આવેલી ભિલોડા તાલુકાની ભગવાન શામળિયાની મૂળભૂમિ દેવગદાધર એવા મેશ્વોના કાંઠે વસેલા નાનકડા ગામ ગડાધરની નાનકડી પ્રાથમિક શાળામાં આજરોજ ઉજવાયો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી ઉત્સવ.આ પ્રસંગે આ વિસ્તારના ખૂબ જ કાર્યશીલ જિલ્લા સદસ્ય અને અરવલ્લી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષશ્રી નીલાબેન મોડીયા અધ્યક્ષ સ્થાને હતા. તથા સી.આ.સી. શ્રી નારાયણભાઈ એસ. પટેલ તથા શ્રી ગોપાલભાઈ પટેલ ની ઉપસ્થિત પણ હતી. શાળાના હોનહાર આચાર્યા મેડમ શ્રીમતી માયાબેન પટેલ કે જે જાતે દાતા પણ બને છે તેમણે મહેમાનો ને આવકાર આપ્યો અને ગ્રામજનો,એસ.એમ.સી.ના સભ્યો તથા વાલીઓ તેમજ તમામ શિક્ષકો, બાલવાડી સ્ટાફ,મધ્યાહનના મિત્રો અને આશા વર્કર સાથે શાળા ના ખૂબ નિષ્ઠાવાન શિક્ષકો દ્વારા હાજર રહી તમામ બાળકો સાથે નવા પ્રવેશ મેળવનાર બાળકોને પ્રોત્સાહન સાથે પ્રવેશોત્સવ ઉજવાયો હતો.ઉપસ્થિત મહેમાનોએ પોતાના પ્રવચનો દ્વારા શાળાની કામગીરી ને બિરદાવેલ હતી.-અખંડ ભારત

# બોરાણામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



લિંબડી તાલુકાના બોરાણા ગામાં શિક્ષણ ને પ્રોત્સાહન આપે એવો સુંદર શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ અંતર્ગત બાળકોને પ્રવેશ અપાયો હતો.આ તબક્કે સ્થાનિક ગામના આગેવાનો,શાળા પરિવાર ઉપસ્થિત રહયો હતો.-અખંડ ભારત

# ખલીપુરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



આજ રોજ તારીખ ૨૬ ૫ ૨૦૨૫ ગુરુવારના રોજ ખલીકપુર પ્રાથમિક શાળા તાલુકો માલપુર જીલ્લો અરવલ્લીમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે માલપુર પીએસઆઇ શ્રીમતિ રેખાબેન, ઋષિ શ્રી ચિરાગભાઈ ઉપાધ્યાય, IED વિભાગ BRC માલપુરથી શ્રી ગોપાલભાઈ તથા કોન્સ્ટેબલ શ્રી અમૃતભાઈ ઉપસ્થિત રહ્યા હતા. ગામમાંથી વડીલો, જદ્ઘષ સભ્યશ્રીઓ આંગણવાડી કાર્યકર, વાલીઓ સૌના સાથ સહકારથી સરકારશ્રીના નિયમોનુસાર પ્રવેશપાત્ર ૨૮ જેટલા બાળકોએ બાલવાટિકામાં અને ૬ બાળકોએ આંગણવાડીમાં પ્રવેશ મેળવ્યો હતો.' એક પેડ માં કે નામ ' સરકારશ્રીના પરિપત્ર મુજબ દાતાશ્રીઓને વૃક્ષ માટેનું મટીરીયલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા,તમામ દાતા શ્રી તરફથી બાળકોને ડીશ, સ્લેટ, કમ્પાસ અને બેગનું દાન કરવામાં આવ્યું હતું, તથા કાર્યક્રમ અનુરૂપ અલગ અલગ ક્ષેત્રમાં પ્રગતિ કરનાર શાળાના બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.ઉપસ્થિત તમામ મહેમાનશ્રીઓએ શાળાની ઉત્તમ કામગીરી બદલ આચાર્યશ્રી આરાધનાબેન તથા સ્ટાફને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા અને શાળા ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ આપી હતી.-અખંડ ભારત

# "અષાઢશષ્ય પ્રથમ દિવસ" ની ઉજવણી મહિલા આર્ટસ કોલેજ વિદ્યાનગરી હિંમતનગર ખાતે કરાઈ



તેજલબેન ચૌહાણ - હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન મહિલા આર્ટસ કોલેજ, વિદ્યાનગરી, હિંમતનગર ખાતે તારીખ : ૨૬-૦૬-૨૦૨૫ ના રોજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ કનૈયાલાલ એલ પટેલ ના અધ્યક્ષ સ્થાને અષાઢશ્ય પ્રથમ દિવસની ભવ્ય ઉજવણી સંસ્કૃત વિભાગના ઉપક્રમે કરવામાં આવી. જેમાં પ્રિ. ડૉ. કે એલ પટેલે વર્ષ : ૨૦૨૫-૨૬ માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીનીઓને આવકારી કોલેજની વિશિષ્ટ પરંપરાઓ અને અષાઢ મહિનાનું મહત્વ સમજાવ્યું હતું. ડૉ. આર જે. જોષી એ કવિ કાલિદાસ ની કૃતિ મેઘદૂત અને ડૉ. દીક્ષા સાવલા એ કવિ કાલિદાસના જીવન અને મુખ્ય કૃતિઓનું રસપાન કરાવ્યું હતું. ડૉ એ એસ પટેલે ઋતુઓની માનવ જીવન પર થતી સાહિત્ય પર સકારાત્મક અસર વિશે સુંદર માહિતી આપી. આ કાર્યક્રમમાં ડૉ કે વી ગાવિત ડૉ યશવંતભાઈ પટેલ, ડૉ પી એચ પટેલ, પ્રો. બી.એફ દેસાઈ, તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીનીઓના સાથ સહકારથી કાર્યક્રમ સફળ થયો હતો.

ડૉ. એ વી દેસાઈ એ કાર્યક્રમની આભાર વિધિ કરી હતી. આવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન બદલ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. ડી એલ પટેલ અને ટ્રસ્ટી મહેન્દ્રભાઈ પટેલે આયોજકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

-અખંડ ભારત

# નનાનપુર ખાતે પ્રવેશોત્સવ યોજાયો



તેજલબેન ચૌહાણ - વિશ્વ મંગલમ અનેરા સંચાલિત વિનય મંદિર વૃંદાવનમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી જેમાં મુખ્ય અધિકારી શ્રી રાજ સંદીપ મેડમ જે ચીફ કંજરવેટર ઓફ ફોરેસ્ટ ગાંધીનગર ફરજ બજાવે છે બીજા અધિકારી શ્રી તરુણ ચૌધરી સાહેબ આર.એફ.ઓ હિંમતનગર ના વરદ હસ્તે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં ધોરણ નવ ના ૩૭ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૧ ના ૨૫ વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું

અધિકારીઓએ શાળા પરિસરની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને શાળાના કેમ્પસમાં શ્રી રાજ સંદીપ મેડમે વૃક્ષારોપણ કરાવી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના અંતે ટ્રસ્ટી મંડળના સભ્યો, વાલીઓ, આચાર્યશ્રી શિક્ષક મિત્રો સાથે બેઠક કરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું

જેમાં એસ. એસ. પટેલ અને કોકીલાબેન પણ જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય શ્રી ડી.કે પટેલ, સી.આર.સી હડિયોલ બીનલબેન તેમજ સી.આર.સી હાજીપુર જીગ્નેશભાઈ અને શાળાના શિક્ષક મિત્રો અને વિદ્યાર્થી ભાઈ બહેનોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને ખૂબ જ સફર બનાવ્યો હતો.

-અખંડ ભારત

# કરમીપુરા ખાતે પ્રવેશોત્સવ યોજાયો



મહેશ સોલંકી - સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં આજ રોજ કરમીપુરા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે જિલ્લા રજિસ્ટ્રાર અધિકારી શ્રી સેવા સહકારી મંડળી ...ખેરોલ જૂથ ના સી આર સી સાહેબ શ્રી ..ગામના સરપંચશ્રી ..આચાર્યશ્રી ..આંગણવાડી કાર્યકર શ્રી તલાટી સાહેબશ્રી કરમી પુરા વાસણીયા હનુમાનજી મંદિર ના મહંતશ્રી smc અધ્યક્ષશ્રી વગરે એ ઉપસ્થિત રહી આંગણવાડી બાલવાટિકા તથા ધોરણ એક ના બાળકોને થેલા તથા શૈક્ષણિક કીટ આપી શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો-અખંડ ભારત

# અંગ્રેજોના "ગોડ સેવ ધ ક્વીન" ગીતની સામે----લખ્યું-વંદે-માતરમ્...ભારતને રાષ્ટ્રીય ગીતની ભેટ આપનાર બંકિમ ચંદ્ર ચેટર્જી ચટ્ટોપાધ્યાયની આજે છે જન્મજયંતિ

(અંક નંબર ૩૭૭)

મિત્રો,આજે આપણે એક આવા અંગ્રેજ સરકાર ના અધિકારીની વાત કરવાના છીએ કે જેમણે અંગ્રેજોના શાસન દરમિયાન ખૂબ ઉચ્ચ હોદ્દા સુધી પોતાની સેવાઓ આપી હતી, તેમની પાસે કાયદાની ડિગ્રી હતી. તેમને ડેપ્યુટી મેજિસ્ટ્રેટના પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હતા. થોડા વર્ષો સુધી તેમણે બંગાળ સરકારમાં સચિવનું પદ પણ સંભાળ્યું હતું. તેઓ ૧૮૯૧માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા હતા. તેમને રાય બહાદુર અને સીઆઈઈનું બિરુદ પણ એનાયત કરવામાં આવ્યું હતું. તેમ છતાં અંગ્રેજ સરકારનો જે પેલો ફતવો હતો કે સરકારી કાર્યક્રમમાં માત્ર અંગ્રેજોનું જ ગીત ગાવું એ ખૂબ કઠતું હતું. મૂળે એ સાહિત્યકાર હતા એટલે એમણે ભારતમાતાની પ્રસષ્ત્રિ માટે અંગ્રેજ સરકારની સામે પડીને પણ વંદે માતરમ્ ગીતની રચના કરી હતી.

આ ગીત ભારતની કુદરતી સુંદરતા, સમૃદ્ધ સંસ્કૃતિ અને ગૌરવશાળી ઈતિહાસનું વર્ણન કરે છે.


બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય ભારતના લોકપ્રિય નવલકથાકાર, કવિ અને પત્રકાર હતા. તેમણે દેશનું રાષ્ટ્રીય ગીત વંદે માતરમ લખ્યું હતું. તેઓ બંકિમચંદ્ર ચેટર્જી તરીકે પણ ઓળખાય છે. તેઓ બંગાળીમાં સાહિત્ય સમ્રાટ તરીકે જાણીતા છે. તેમનો જન્મ ૨૭ જૂન, ૧૮૩૮ના રોજ બંગાળના કંથલપરામાં થયો હતો. કેટલાક માધ્યમો ૨૬ જૂન પણ લખે છે.તેમનો જન્મ બંગાળી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

૧૮૭૬માં તેમણે વંદે માતરમ ગીત લખ્યું ત્યારે દેશ બ્રિટિશ શાસન હેઠળ હતો પરંત ઘણા ઓછા લોકોને ખબર હશે કે તેમણે આ ગીત શા માટે લખ્યું.

બ્રિટિશ રાજ દરમિયાન સરકારી નોકરીમાં હતા. બ્રિટિશ સરકારે હુકમનામું કર્યું કે ભારતમાં દરેક સરકારી કાર્યક્રમમાં 'ગોડ સેવ ધ ક્વીન' ગીત ગાવું ફરજિયાત રહેશે. બંકિમચંદ્રને આ વાતનું કુતૂહલ થયું. અંગ્રેજોના આ તુગલકી ફરમાનથી તેઓ ખૂબ જ ગુસ્સે થયા હતા. તેણે ભારતના વખાણ કરતું એક ગીત લખવાનું નક્કી કર્યું. અંગ્રેજોના આ ગીતની સામે ૧૮૭૬માં 'વંદે માતરમ' ગીતની રચના કરી હતી જે પછી આ ગીત દેશની આઝાદીની લડત દરમિયાન ક્રાંતિકારીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યું હતું.

'આનંદમઠ'માં પ્રકાશિત વંદે માતરમ

દેશભક્તિની દ્રષ્ટિએ તેમની સૌથી લોકપ્રિય નવલકથા આનંદમઠ છે. એમાં પહેલું વંદે માતરમ ગીત પ્રકાશિત થયું હતું. લેખનની વાત કરીએ તો તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત અંગ્રેજી નવલકથા રાજમોહનની જીવનસાથીથી કરી હતી, પરંતુ તેમણે આ નવલકથાને અડધી છોડી દીધી હતી. એનું કારણ એ હતું કે એમને પૂરેપૂરો ખ્યાલ આવી ગયો હતો કે જ્યાં સુધી દેશની ભાષામાં લખાણ નહીં હોય ત્યાં સુધી લોકો આંદોલન કરવા પ્રેરિત નહીં થાય. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે




૨૭ વર્ષની ઉંમરે બંગાળી ભાષા પ્રથમ નવલકથા 'દુર્ગેષ્નાદિની' લખી હતી, જે ખૂબ લોકપ્રિય થઈ હતી. તેમની નવલકથાઓનું દેશની લગભગ બધી ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું હતું. રવીન્દ્રનાથ ટાગોર પહેલાં બંકિમચંદ્ર એ બંગાળી લેખકોમાંના એક હતા જેમણે સામાન્ય લોકોમાં પગપેસારો કર્યો હતો.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયને ઘણા ખિતાબથી નવાજવામાં આવ્યા હતા.

૮ એપ્રિલ ૧૮૯૧માં તેમનું અવસાન થયું હતું. આજે તો વંદે માતરમ દેશ-દુનિયામાં જાણીતું છે અને રાષ્ટ્રભક્તિ ગીત છે. આ ગીત ભારતની કુદરતી સુંદરતા, સમૃદ્ધ સંસ્કૃતિ અને ગૌરવશાળી ઈતિહાસનું વર્ણન કરે છે.

વંદે માતરમ એટલે વંદન માતૃભૂમિને, હું માતાને વંદન કરું છું અથવા હું માતાની પૂજા કરું છું. તે ભારતનું રાષ્ટ્રીય ગીત છે, જે બંકિમ ચંદ્ર ચેટર્જી દ્વારા લખાયેલું છે. આ ગીત માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ અને આદરનું પ્રતીક છે. આ ગીત બે શબ્દોથી બનેલું છેઃ વંદે જેનો અર્થ વંદન કરવું અથવા પૂજા કરવી, અને માતરમ્ જેનો અર્થ માતા થાય છે જે અહીં ભારતમાતા સમજવો. આ ગીતમાં ભારત માતાને માતા તરીકે સંબોધવામાં આવી છે અને તેમની સ્તુતિ કરવામાં આવી છે. ભારતીય સ્વતંત્રતા ચળવળ દરમિયાન વંદે માતરમ ગીતનો પ્રેરણાસ્ત્રોત તરીકે ઉપયોગ થતો હતો.

આ ગીત ભારત માતાની સ્તુતિ કરે છે, જે પાણીથી ભરેલી છે, ફળોથી ભરેલી છે અને દક્ષિણના પવનોથી ઠંડી છે. આ ગીત ભારત માતાને ખુશી અને આશીર્વાદ આપતી માતા તરીકે વર્ણવે છે.

ગીતના કેટલાક મુખ્ય શબ્દોની વાત કરીએ તો....

સુજલાન સુફલામ એટલેપાણીથી ભરપૂર, ફળોથી ભરપૂર,માલયજ શીતલામ્ એટલે દક્ષિણના પવનોથી આવતી ઠંડી, શશ્ય શ્યામલમ્ એટલે પાકમાંથી કાળો (એટલે કે, લીલો)સુહાસિની એટલે સુંદર સ્મિતવાળી,

સુમધુર ભાશિણિમ્ જે મધુર બોલે છે,

સુખદં વરદામ જે સુખ અને આશીર્વાદ આપે છે.સફેદ પ્રકાશવાળી, તેજસ્વી આંખોવાળી સ્ત્રી

પૂર્ણ ખીલેલા ઝાડની પાંખડીઓથી શણગારેલું તેણીનું સ્મિત સારું હતું અને તેનો અવાજ મધુર હતો.સુખ આપતી અને વરદાન આવતી માતા.સપ્તકોટી-કંઠ-કાલ-કાલ-નિનાદ-કરાલે

દ્વિસપ્તકોટી-ભુજૈર્ધ્રુત-ખારકરવાલે,

અબલા કેન મા એટ બેલ.

બહુ-મજબૂત હું તારણહારને નમન કરું છું

રિપુદલવરિનીમ માતા.

તું જ્ઞાન છે, તું ધર્મ છે.તું હૃદય છે, તું જ સાર છે.કારણ કે તમે શરીરમાં જીવનશક્તિ છો

બહુતે તુમી મા શક્તિ,હૃદયે તુમી માં ભક્તિ, તોમરાઈની મૂર્તિઓ મંદિરો અને મંદિરોમાં લઈ જવામાં આવે છે.તમે દસ શસ્ત્રો ધારણ કરેલી દુર્ગા છો.કમલા કમલદલવિહારિણી

વાણી વિદ્યાદાયિની,હું તમને નમન કરું છું.હું કમળને નમન કરું છું.નિષ્કલંક અને અનુપમ સારી રીતે પાણીયુક્ત અને સારી ફળદાયી માતા..વંદે માતરમ કાળો અને સરળ તેણી એક સુંદર સ્મિતથી શણગારેલ થી ભરેલી ધરતી છે...માતા..... ખૂબ જ લાબું આ ગીત છે.

'વંદે માતરમ'નું મહત્વ આજે પણ એટલું જ સુસંગત છે જેટલું તે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હતું. આ ગીત ભારતના દરેક નાગરિકના હૃદયમાં દેશભક્તિ અને ગર્વની ભાવના જાગૃત કરે છે. 'વંદે માતરમ' ભારતના રાષ્ટ્રીય ગૌરવનું પ્રતીક છે.

આ ગીત ગાઈને ભારતીયોના હૃદયમાં પોતાના દેશ પ્રત્યે ગર્વ અને આદરની ભાવના જાગે છે.આ ગીત ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનું પ્રતીક છે. આના દ્વારા, ભારતીય સમાજ તેના સાંસ્કૃતિક વારસાને જાળવી રાખે છે અને નવી પેઢીઓને તેના મહત્વથી વાકેફ પણ કરાવે છે.આજે પણ 'વંદે માતરમ' નો ઉપયોગ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ અને અન્ય મહત્વપૂર્ણ કાર્યક્રમોમાં થાય છે. નવી પેઢીઓમાં દેશભક્તિની ભાવનાને પ્રોત્સાહન આપવાનું આ એક મહત્વપૂર્ણ માધ્યમ છે. વિવિધ પ્રસંગોએ 'વંદે માતરમ' ગાવાથી ભારતીયો એક થાય છે અને રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવે છે. આ ગીત વિવિધ ધર્મો અને સંસ્કૃતિના લોકોને એકસાથે લાવવામાં મદદ કરે છે.'વંદે માતરમ' ગાવાનું સ્વતંત્રતા દિવસ અને પ્રજાસત્તાક દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારોનો મુખ્ય ભાગ છે. આ ગીત તે ક્ષણોમાં રાષ્ટ્રીય એકતા અને ગૌરવને વધુ મજબૂત બનાવે છે. આ ગીત હજુ પણ દેશના યુવાનો માટે પ્રેરણા સ્ત્રોત છે.

'વંદે માતરમ' ની ભાવના યુવા પેઢીને દેશ પ્રત્યે સમર્પિત અને પ્રેરિત બનાવે છે. 'વંદે માતરમ' આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની ઓળખ પ્રગટ કરે છે. જ્યારે પણ આ ગીત કોઈપણ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમમાં વગાડવામાં આવે છે, ત્યારે તે ભારતની મહાનતા અને તેના સાંસ્કૃતિક વારસાનું પ્રતીક બની જાય છે.. .રામે.. રામ.

મેનેજિંગ તંત્રી



શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

# મૃત્યુનો દુઃખદ ચક્રવ્યૂહઃ એક જ સોસાયટીના ૩ પાઇલટ અને ૩ વિમાન દુર્ઘટનાઓ



કુદરત ક્યારેક એવા સંયોગ રચે છે જે માની ન શકાય. આવો જ એક કરુણ સંયોગ સામે આવ્યો છે, જેનું કનેક્શન અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના સાથે છે. ૧૫ વર્ષના ગાળામાં બનેલા ૩ અલગ અલગ વિમાન અકસ્માત, ૩ પાઇલટ અને મુંબઇની એક સોસાયટી એકબીજા સાથે એવી રીતે જોડાયેલા છે, જે જાણીને તમને નવાઇ લાગશે.અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટનામાં મૃત્યુ પામનારા પાઇલટ સુમિત સભરવાલ મુંબઇના પવઇમાં આવેલી જલવાયુ વિહાર સોસાયટીમાં રહેતા હતા. તેમની સોસાયટીમાં અન્ય ૨ પાઇલટ્સ પણ રહેતા હતા જેમણે ભૂતકાળમાં વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો છે. ત્રણેય વિમાન દુર્ઘટનાના સ્થળ અલગ અલગ હતા પણ સામ્યતા એ પણ છે કે ત્રણેય ફ્લાઇટ્સ એર ઇન્ડિયા અથવા તેની પેટાકંપની એર ઇન્ડિયા એક્સપ્રેસની હતી અને ત્રણેયના પાઇલટ્સ એક જ સોસાયટીના રહેવાસી હતા.જલવાયુ વિહાર સોસાયટી મુંબઇના પવઇમાં આવેલી છે. ભારતીય વાયુસેના અને નૌસેનાના નિવૃત તેમજ કાર્યરત કર્મચારીઓ માટે આ સોસાયટી ૧૯૯૫માં બનાવવામાં આવી હતી. આ સોસાયટી પવઇ લેકની નજીક છે. સોસાયટીમાં ૧૩ ટાવર અને ૫૩૨ ફ્લેટ્સ છે. જેમાં 2BHKઅને 3BHK ફ્લેટ્સનો નો સમાવેશ થાય છે.

# સુરતમાં મેઘમહેર વચ્ચે માતૃત્વ માટે રેસ્ક્યૂઃ ખાડીપૂરથી સગર્ભા મહિલાને ફાયરના જવાનોએ પહોચાડી હોસ્પિટલ



સુરતમાં છેલ્લા ત્રણ દિવસથી ખાડીપૂરના પાણીમાં ગળાડૂબ ગીતાનગર વિસ્તારમાં આજે(૨૬ જૂન) પણ ત્રણથી ચાર ફૂટ જેટલું પાણી ભરાયેલું છે. જ્યાં એક ૮ માસની સગર્ભા મહિલાની અચાનક તબિયત લથડતા અને પીડા શરૂ થતાં તંત્રને જાણ કરાઇ હતી. બનાવની જાણ થતાં જ ફાયરના જવાનોએ તાત્કાલિક પહોંચીને ગૌરીબેન શર્મા નામની મહિલાનું રેસ્ક્યૂ કરીને તેમને હોસ્પિટલ ખસેડ્યા હતા.

સુરત શહેરમાં ધોધમાર વરસાદ વરસતાં શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી, ત્યારે સુરતના સીમાડા વિસ્તારમાં ફરી એકવાર ખાડી પૂરનો પ્રકોપ જોવા મળ્યો છે જેના કારણે સ્થાનિક વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. જ્યારે વરાછા વિસ્તારમાં ૨૩ જૂનના રોજ પાણી ભરાઈ ગયા હતા. જેના કારણે વરાછા મેઈન રોડ પર આવેલી આઇકોન ડિજિટલ નામની બેઝમેન્ટની દુકાનમાં ૧૦ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા હતા.ચારે બાજુ પાણી ભરાયેલું હોવાથી હોસ્પિટલ પહોંચવું અશક્ય હતુંગીતાનગરમાં રહેતા સંદીપ શર્માના પત્ની ગૌરીબેન આઠ માસના ગર્ભવતી છે.

પૂરના પાણીથી ઘેરાયેલા તેમના નિવાસસ્થાને અચાનક ગૌરીબેનને પીડા શરૂ થતાં અને તબિયત લથડતા પરિવાર માટે ચિંતાનો માહોલ સર્જાયો હતો. ચારે બાજુ પાણી ભરાયેલા હોવાથી હોસ્પિટલ પહોંચવું અશક્ય બની ગયું હતું.

# પેલગામને બદલે બલૂચિસ્તાન? પાક દસ્તાવેજમાં ભૂલ જોઈ ભારતે હસ્તાક્ષરથી કર્યો ઇનકાર



ચીનના કિંગદાઓમાં યોજાયેલી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના રક્ષામંત્રીઓની બેઠકમાં ભારતે જોઈન્ટ સ્ટેટમેન્ટ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો છે. ભારત વતી ગુરુવારે બેઠકમાં રક્ષામંત્રી રાજનાથ સિંહે ભાગ લીધો હતો.તેમણે બેઠકના અંતે જોઈન્ટ સ્ટેટમેન્ટ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કર્યો હતો. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો હતો, કારણ કે આતંકવાદ સામે ભારતની ચિંતાઓ નિવેદનમાં સંપૂર્ણપણે સામેલ ન હતી.બેઠક દરમિયાન રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે પહેલગામ આતંકવાદી હુમલાની પેટર્ન ભારતમાં લશ્કર-એ-તૈયબા દ્વારા અગાઉના આતંકવાદી હુમલાઓ જેવી જ હતી. સરહદ પાર આતંકવાદી હુમલાઓને રોકવા માટે પોતાના અધિકારનો ઉપયોગ કરીને ભારતે ૭ મે, ૨૦૨૫ના રોજ ‘ઓપરેશન સિંદૂર‘ હાથ ધર્યું.કેટલાક દેશો સરહદ પારના આતંકવાદને પોતાની નીતિ માને છે અને આતંકવાદીઓને આશ્રય આપે છે. પછી તેઓ તેનો ઈનકાર કરે છે. આવા બેવડા ધોરણો માટે કોઈ જગ્યા હોવી જોઈએ નહી. તેમણે સમજવું પડશે કે આતંકવાદનાં કેન્દ્રો હવે સુરક્ષિત નથી.રાજનાથે કહ્યું કે, SCOએ આવા દેશોની ટીકા કરવામાં અચકાવું જોઈએ નહીં.આ બેઠકમાં પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફ પણ હાજર હતા. બીજી તરફ, રાજનાથ સિંહે બેઠકમાં પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફને મળ્યા ન હતા.

# જેણે આજ ઈરાનને પરમાણુ શક્તિ આપી, તે અમેરિકા જ હતો છોકરીઓ મોકલાતી હતી તાલીમ માટે US



૮ ડિસેમ્બર, ૧૯૫૩ના રોજ સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં તત્કાલીન અમેરિકી રાષ્ટ્રપતિ આઇઝનહાવરે ‘એટમ ફોર પીસ‘ નામનું એક પ્રખ્યાત ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે ‘ફક્ત સૈનિકોના હાથમાંથી પરમાણુ શસ્ત્રો છીનવી લેવા પૂરતા રહેશે નહીં. તે એવા લોકોને આપવા જોઈએ, જેઓ શાંતિ માટે એનો ઉપયોગ કેવી રીતે કરવો એ જાણે છે.

આ પછી આઇઝનહાવરે ઈરાન સહિત ઘણા દેશોને પરમાણુ ટેક્નોલોજીમાં મદદ કરી. હવે ઈરાનના આ પરમાણુ પ્રોગ્રામને નષ્ટ કરવા માટે ઈઝરાયલે ૧૨ દિવસ સુધી ભીષણ યુદ્ધ લડ્યું અને વર્તમાન રાષ્ટ્રપતિ ટ્રમ્પે અમેરિકાથી B-2 બોમ્બર મોકલીને હુમલો કરવો પડ્યો.

# ૫ ઇંચ વરસાદે અમદાવાદને ઊંડે ધકેલ્યુંઃ આધેડ ડ્રેનેજમાં વહી ગયા, મૃતદેહ ૯ કલાકે મળ્યો





અમદાવાદ શહેરમાં ૨૫ જૂનને બુધવારે સાંજે ૭ વાગ્યા બાદ પડેલા ધોધમાર વરસાદના પગલે ઠેર-ઠેર પાણી ભરાયાં હતા. પૂર્વ વિસ્તારમાં મણિનગર, વટવા, સિટીએમ, હાટકેશ્વર, નિકોલ ઓઢવ અને વિરાટ નગર સહિતના વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા.

ઓઢવના અંબિકાનગર મોગલ માતાના મંદિર પાસે ખારીકટ કેનાલ નજીક વરસાદી પાણીના પ્રવાહમાં ડ્રેનેજલાઈનમાં એક બાઈકચાલક તણાઈ ગયો હતો. ફાયર બ્રિગેડે ૯ કલાકની ભારે જહેમત બાદ તેનો મૃતદેહ ડ્રેનેજલાઈનના ૨૦૦ ફૂટ દૂરથી શોધી કાઢ્યો હતો.રાત્રે ૮:૫૦ વાગ્યાની આસપાસ ઓઢવ ફાયર સ્ટેશનને માહિતી મળી હતી કે ઓઢવ અંબિકાનગરની મોગલ માતાના મંદિર પાસે ખારીકટ કેનાલની બાજુમાં ડ્રેનેજલાઈનના ખાડામાં બાઈક સાથે એક વ્યક્તિ પડ્યો છે.

જેથી ઓઢવ ફાયર સ્ટેશનની રેસ્ક્યૂ ટીમ સાથે ઘટનાસ્થળે જવા રવાના થયા હતા. નિકોલ ફાયર સ્ટેશનની ટીમ પણ ઘટનાસ્થળે આવવા માટે નીકળી હતી. ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી ત્યારે ડ્રેનેજલાઈનનો ખાડો હતો, જેમાં ખૂબ પાણી ભરાયેલું હતું. સતત વરસાદ પડી રહ્યો હતો. ઘટનાસ્થળ ઉપર સ્થાનિક લોકો સાથે વાત કરી ત્યારે જાણવા મળ્યું કે, બાઈક સાથે એક વ્યક્તિ ત્યાંથી પસાર થતો હતો અને તરત જ કાબુ ગુમાવતા પાણીમાં પડ્યો હતો અને ખાડામાં ગરકાવ થઈ ગયો હતો.

# હવે વીજળીથી ઉડશે વિમાન! એવિયેશનની દુનિયામાં નવી ક્રાંતિ



અત્યારસુધી આપણે રસ્તાઓ પર ફક્ત ઈલેક્ટ્રિક વાહનો જ દોડતા જોયા છે. પરંતુ હવે ઈલેક્ટ્રિક પેસેન્જર વિમાનો પણ આકાશમાં ઊડશે. તેની કિંમત પણ ૨૦ ગણી ઓછી થશે. બીજી તરફ, ડોકટરોએ ૫૨ વર્ષથી એક વ્યક્તિના પેટમાં ફસાયેલા ટૂથબ્રશને બહાર કાઢ્યો હતો.અમેરિકામાં પહેલીવાર ઈસ્ટ હેમ્પટનથી ન્યૂયોર્ક સુધી ઈલેક્ટ્રિક ફ્લાઈટે ઉડાન ભરી છે. આ સિદ્ધિ બીટા ટેક્નોલોજી કંપનીના આલિયા CX૩૦૦ વિમાને મેળવી છે. આ વિમાને ૪ મુસાફરો સાથે ઉડાન ભરી હતી અને માત્ર અડધા કલાકમાં ૧૩૦ કિમીનું અંતર કાપ્યું હતું. કુલ ખર્ચ ફક્ત ૭૦૦ હતો, જ્યારે એટલા જ અંતર માટે હેલિકોપ્ટરની કિંમત ૧૩,૦૦૦ છે.બીટા ટેકનોલોજી ૨૦૧૭ થી ઈલેક્ટ્રિક એવિએશન ટેકનોલોજી વિકસાવી રહી છે. કંપનીએ હાલમાં તેના વિમાનના ઉત્પાદન અને સર્ટિફિકેશનમાં ઝડપ લાગવા માટે ૩૧૮ મિલિયન ડોલર (લગભગ ૨૬૫૦ કરોડ) ભંડોળ એકત્ર કર્યું છે. CX૩૦૦ ને આ વર્ષના અંત સુધીમાં FAA (ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન) તરફથી સર્ટિફિકેશન મળવાની અપેક્ષા છે.બીટા ટેકનોલોજીના ફાઉન્ડર અને સીઈઓ કાયલ ક્લાર્કે કહ્યું છે કે આ પ્લેનને ચાર્જ કરવા અને તેને ૧૩૦ કિમી ઉડાવવા માટે તેમને ફક્ત ૮ ડોલર (લગભગ ૭૦૦)નો ખર્ચ થયો છે. તેમણે એમ પણ કહ્યું કે પાઇલટ અને પ્લેનનો ખર્ચ બાદ કર્યા પછી પણ એ ખૂબ સસ્તું છે.

# ૧ જુલાઈથી ટ્રેન ભાડું મોંઘું થશે રેલવે કમાશે ૯૦૦ કરોડ



૧ જુલાઈથી તમારી ટ્રેનની મુસાફરી મોંઘી થશે. સરકારે એસી ક્લાસ, સ્લીપર અને જનરલ સેકન્ડ ક્લાસ ટ્રેનોના ભાડામાં વધારો કરવાની તૈયારી કરી છે. આ નિર્ણયથી દર વર્ષે લગભગ ૯૦૦ કરોડ રૂપિયાની વધારાની આવક થશે. સત્તાવાર જાહેરાત હજુ બાકી છે. આ પહેલા ૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ મોદી સરકારે રેલવે ભાડામાં વધારો કર્યો હતો.

# ખોરવાડ શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો, નવા વિદ્યાર્થીઓનું સ્વાગત.



અશ્વિનસિંહ ચૌહાણઃ પ્રાથમિક શાળા ખોરવાડ તા ઉમરેઠ જિલ્લો આણંદ માં શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫/૨૬ યોજવામાં આવ્યું જેમાં બાલવાટિકા પ્રવેશ તથા ધોરણ ૧/ ૬ /અને આગણવાડી બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો ઉપસ્થિત મુખ્ય મહેમાન તરીકે ગ્રામના સરપંચ શ્રી સજ્જનસિંહ ઠાકોર તથા ગ્રામના વડીલો તથા ભાઈઓ બહેનો ખૂબ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા શાળાના આચાર્ય શ્રી અશ્વિનસિંહ ચૌહાણ તમામ નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો ..

# ચિંતા વધારી વરસાદેઃ ૧૪ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ, સ્કૂલોમાં પાણી ઘૂસ્યાં, દક્ષિણ ગુજરાત ભીંજાયું



ગુજરાતમાં આ વર્ષે ચોમાસું સામાન્ય કરતા સારું રહેવાની આગાહી કરવામાં આવી છે. ચોમાસાની શરૂઆત પણ ધમાકેદાર રહી છે. શરૂઆતના ૧૦ દિવસમાં જ રાજ્યમાં સિઝનનો ૨૫ ટકા વરસાદ વરસી ચૂક્યો છે.રાજ્યમાં પડી રહેલા ધોધમાર વરસાદમાં મહાનગરોના પ્રિમોન્સૂન પ્લાન પણ પલળતાં જોવા મળી રહ્યા છે. ૨૩ અને ૨૪ જૂને સુરત શહેરની હાલત બદતર થયા બાદ ૨૫મી જૂને અમદાવાદ પૂર્વ વિસ્તારના લોકોએ જળબંબાકારની સ્થિતિનો સામનો કરવાનો વારો આવ્યો હતો. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં સાંજે ૭થી રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં ૧ થી ૫ ઈંચ વરસાદ ખાબકતા વસ્ત્રાલ, મણિનગર, ઓઢવ, નિકોલ સહિતના વિસ્તારમાં સ્થિતિ વિકટ બની હતી. અનેક ઠેકાણે નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા હતા અને લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસ્યાં હતાં. (૨૫ જૂને અમદાવાદમાં વરસેલા વરસાદનું પળેપળનું અપડેટ જાણો)રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આગામી ૭ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અરવલ્લી, મહીસાગર, દાહોદ અને છોટા ઉદેપુરમાં ઓરેન્જ એલર્ટ જ્યારે સાબરકાંઠા, પંચમહાલ, નર્મદા, નવસારી, વલસાડ, ભાવનગર અને અમરેલીમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# ઈરાન સાથે યુદ્ધ રોકવામાં ભારત સારો મધ્યસ્થી બની શકે છે, ઇઝરાયલના વિપક્ષી નેતા



ઈઝરાયલની વિપક્ષી પાર્ટી યશ અતીદના સાંસદ શેલી તાલ મેરોનને PM બેન્જામિન નેતન્યાહુના વિરોધી માનવામાં આવે છે. તેમને ઈરાન સાથેના યુદ્ધ અને પછીના યુદ્ધવિરામ વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે રાજકારણ અલગ છે અને દેશ અલગ. અત્યારે અમે દેશ માટે સરકાર સાથે છીએ.ભારત વિશે તેઓ કહે છે કે યુદ્ધ રોકવા માટે ભારત એક સારો મધ્યસ્થી બની શકતો હતો. તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પને બહાદુર ગણાવીને તેમનાં વખાણ કરે છે અને ગાઝાની લડાઈને એક ઘા જેવી ગણાવે છે, સાથે જ કહે છે કે ઈરાન ઈઝરાયેલના અસ્તિત્વ માટે ખતરો છે. તેની સાથે યુદ્ધ જરૂરી હતું.

શું PM નેતન્યાહુનો ઈરાન સાથે યુદ્ધવિરામનો નિર્ણય યોગ્ય છે? જવાબઃ મને લાગે છે કે યુદ્ધવિરામનો નિર્ણય સાચો હતો. અમે બધા મિલિટરી ટાર્ગેટ હાંસલ કરી લીધા છે, પરંતુ અમે ભવિષ્ય માટે પણ સતર્ક રહીશું. ઈરાન હંમેશાં જૂઠું બોલનારો દેશ રહ્યો છે, તેથી અમને વધારે સતર્ક રહેવું જોઈએ.

તેમણે અમેરિકાથી જૂઠું બોલ્યું કે તેઓ પરમાણુ બોમ્બ નથી બનાવી રહ્યા. તેમણે આખી દુનિયાને ગેરમાર્ગે દોરી. અમે આશા રાખીએ છીએ કે તેઓ ફરીથી ભેગા થઈને પરમાણુ હથિયારો બનાવવાનો પ્રયાસ ન કરે. હજુ પણ ઈઝરાયલ તરફ મિસાઈલ છોડવામાં આવી રહી છે. જો ઈરાન મિસાઈલ છોડશે, તો ઈઝરાયેલ જવાબ આપશે.

# કુખ્યાત રાજો સામે પગલાં, પાસા હેઠળ ધરપકડ



રાજકોટ શહેરમાં અવારનવાર ગુનાખોરીને અંજામ આપતા લુખ્ખા અને આવારા તત્વો સામે કડક કાર્યવાહી કરવા માટે પોલીસ કમિશનર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. જે અન્વયે ભક્તિનગર પોલીસ દ્વારા તાજેતરમાં ડિસેમ્બર ૨૦૨૪માં હત્યાની કોશિષમાં સંડોવાયેલ અને પેંડા ગેંગના સાગરીત તેમજ પોલીસકર્મીની હત્યાના આરોપી એવા કુખ્યાત રાજપાલસિંહ ઉર્ફે રાજો જાડેજા વિરુદ્ધ પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરી તેને મહેસાણા જેલ ખાતે મોકલી દેવામાં આવ્યો છે.ઉલ્લેખનીય છે કે, રાજપાલસિંહ ઉર્ફે રાજો જાડેજા વિરુદ્ધ રાજકોટ શહેરમાં હત્યા, હત્યાની કોશિશ, પ્રોહિબિશન, મારામારી, સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય, જાનથી મારી નાખવા ધમકી સહિત ૧૫ ગુના નોંધાઈ ચુક્યા છે.રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા લુખ્ખા અને આવારા તત્વો સામે કડક કાર્યવાહી કરવા આપેલ સૂચના અન્વયે ભક્તિનગર પોલીસ સ્ટેશન પીઆઇ મયૂરધ્વજસિંહ સરવૈયા દ્વારા તાજેતરમાં ડિસેમ્બર ૨૦૨૪માં હત્યાની કોશિશના ગુનામાં સંડોવાયેલ કુખ્યાત આરોપી રાજપાલસિંહ ઉર્ફે રાજો જાડેજા વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવતા પોલીસ કમિશનર દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરવામાં આવતા ભક્તિનગર પોલીસ ટિમ દ્વારા આરોપી રાજપાલસિંહ ઉર્ફે રાજો સુધીરસિંહ જાડેજા (ઉં.વ.૨૫)ની અટકાયત કરી મહેસાણા જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.આરોપી રાજપાલસિંહ ઉર્ફે રાજો સુધીરસિંહ જાડેજા (ઉં.વ.૨૫) વિરુદ્ધ રાજકોટ શહેરમાં અલગ-અલગ ૧૫ જેટલા ગુના નોંધાઈ ચુક્યા છે. જેમાં હત્યા, હત્યાની કોશિશ, પ્રોહિબિશન, મારામારી, સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય, જાનથી મારી નાખવા ધમકી સહિત ગુનાનો સમાવેશ થાય છે.

આરોપી પેંડા ગેંગનો સાગરીત છે જેને રાજકોટ શહેરમા વર્ષ ૨૦૧૬માં તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તરમાં પોલીસ કર્મચારી ભરતદાન ગઢવીની હત્યા નિપજાવી હતી.

# પાલનપુરમાં મંદિર પર વીજળીના પ્રહારે મોટું નુકસાન, છતાં શિવલિંગ અને પંચતત્ત્વ એકદમ સુરક્ષિત



ચોમાસાની શરૂઆતમાં જ સમગ્ર ગુજરાતને મેઘરાજાએ ધમરોળી નાખ્યું છે. બે દિવસ અગાઉ પાલનપુરમાં ભારે વરસાદ પડતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ હતી. એ બાદ છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. ત્યારે આજે પાલનપુરના રતનપુર ગામમાં રામેશ્વર મહાદેવ મંદિર પર વીજળી પડવાની ઘટના સામે આવી છે. કડાકા-ભડાકા સાથે મંદિર પર પડેલી વીજળીના કારણે જલધારાના પથ્થરો ૨૦૦ ફૂટ દૂર સુધી ઊડી ગયા હતા, જોકે શિવલિંગને કોઈ નુકસાન થયું નથી.

શિવનો ચમત્કાર, શિવલિંગ એકદમ સુરક્ષિત

વીજળી પડવાની આ ઘટનામાં મંદિરમાં પાણી ચઢાવવા માટેનાં અને આજુબાજુના વિસ્તારોમાં રહેલાં ઉપકરણોને નુકસાન પહોંચ્યું છે, જોકે શિવલિંગ એકદમ સુરક્ષિત રહેતાં ગ્રામજનો અને ભક્તો આ ઘટનાને મહાદેવનો ચમત્કાર ગણાવી રહ્યા છે. બીજી તરફ મંદિરની બાજુમાં આવેલી શાળાનાં બાળકો વીજળી પડવાના માત્ર પાંચ મિનિટ પહેલાં જ ત્યાંથી પસાર થયાં હતાં, જેથી મોટી દુર્ઘટના ટળી હતી. વીજળી પડવાથી આ ઘટનામાં કોઈ જાનહાનિ ન થતાં ગ્રામજનોએ શિવજીનો આભાર માન્યો છે.

# ટ્રક ટક્કરે અકસ્માતઃ સોની પરિવાર ખાઇમાં ખાબક્યો, દીકરીનું મોત



ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં એક ટ્રાવેલ્સ અલકનંદા નદીમાં ખાબકી છે. આ અકસ્માત ઘોલથીરમાં બદ્રીનાથ હાઈવે પર થયો હતો. આ ટ્રાવેલ્સમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના ૨૦ લોકો હતા, જેમાંથી ૩નાં મોત થયાં છે, જેમાં એક ગુજરાતી સામેલ છે, જ્યારે ૮ ઘાયલ થયા છે, જ્યારે ૯ લોકો ગુમ છે. વહીવટીતંત્રએ મૃતકોની યાદી જાહેર કરી નથી. આ બસમાં સુરતના સિલિકોન પેલેસમાં રહેતા અને વિધાતા જ્વેલર્સના માલિક ઈશ્વર સોની તેમનાં પત્ની ભાવના સોની, ૧૭ વર્ષીય દીકરી ડ્રીમી સોની, દીકરો ભવ્ય સોની અને દીકરી ચેષ્ટા સોની પણ હતાં, જેમાંથી ડ્રીમીનું મોત થઈ ગયું છે. ઉત્તરાખંડ ખાતે તેઓ રુદ્રપ્રયાગ સહિતનાં ધાર્મિક સ્થળે યાત્રા કરવા માટે નીકળ્યાં હતાં એ દરમિયાન અકસ્માત થયો હતો.

સોની પરિવારે ઉત્તરાખંડ જવા ટ્રાવેલ્સ બસ ઉદયપુરથી કરી હતી. સુરતથી તેઓ અંદાજે ૧૬ કે ૧૭ જૂને મૂળ વતન ઉદયપુર જવા નીકળ્યાં હતાં. ત્યાર બાદ તેઓ ઉદયપુરથી ઉત્તરાખંડ તરફ પ્રવાસે ગયાં હતાં.

# ઉમેશ મકવાણાએ કહ્યુંઃ હું રાષ્ટ્રીય નેતા, ઇશુદાન માત્ર પ્રદેશના, પાર્ટી જોડાવાનો પણ ખુલાસો કર્યો



વિસાવદર સીટ પર જીતીને ફૂલ ફોર્મમાં આવેલી આમ આદમી પાર્ટીને બે દિવસમાં જ ઝટકો લાગ્યો છે. બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ પાર્ટીના નેતૃત્વ સામે ખૂલ્લેઆમ બ્યુગલ ફૂંક્યું છે. તેમણે ગાંધીનગરમાં આજે સવારે દંડકપદેથી અને રાષ્ટ્રીય જોઇન્ટ સેક્રેટરી તરીકે રાજીનામું આપીને પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. જોકે તેમણે પાર્ટી કે ધારાસભ્યપદેથી રાજીનામું આપવાનો ઈન્કાર કર્યો હતો. બીજી તરફ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પાર્ટીમાંથી ઉમેશ મકવાણાને પાંચ વર્ષ માટે સસ્પેન્ડ કરી દીધા છે.

ઉમેશ મકવાણા પાર્ટીથી કેમ નારાજ છે? તેમની આગામી રણનીતિ શું છે? તેમણે પાર્ટી હાઇકમાન્ડથી લઈને પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીને આડેહાથ લીધા હતા.મને સસ્પેન્ડ કરવાનો અધિકાર ઈસુદાન પાસે પણ નથી

ઉમેશ મકવાણાએ આકરા પ્રહાર કરતા કહ્યું, ઈસુદાન ગઢવી માત્ર ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ છે, જ્યારે ઉમેશ મકવાણા રાષ્ટ્રીય કક્ષના નેતા છે.

એટલે મને સસ્પેન્ડ કરવાનો અધિકાર ઈસુદાન ગઢવી પાસે પણ નથી.

# સોલૈયા ખાતે પ્રવેશોત્સવ યોજાયો



કાંતિભાઈ ચૌધરી-આજ રોજ પી.એમ.શ્રી સોલૈયા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ ૨૦૨૫ નું આયોજન થયું.જેમાં એડિશનલ ડાયરેકટર જનરલ ઓફ પોલીસ ગુજરાત ના IPS અધિકારી શ્રીમાન રાજુ ભાર્ગવ સર અને માણસા પી.એસ.આઈ. ગોહિલ સાહેબ ઉપસ્થિત રહ્યા.સદર કાર્યક્રમમાં શાળાની વિદ્યાર્થીની ફેની અને ગોહિલ જીયા દ્વારા સ્વાસ્થ્ય પર્યાવરણ અને બેટી બચાવો વિશે વક્તવ્ય આપવામાં આવ્યું.આ પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાળવાટિકના કુલ ૪૧ બાળકોને શૈક્ષણિક કીટ અને આંગણવાડીના બાળકોનો પ્રવેશ કરવામાં આવ્યો.બાહ્ય પરીક્ષામાં મેરિટમાં આવેલ CET ના ૧૪ બાળકો અને જ્ઞાનસાધના પરીક્ષાના ૧૬ બાળકો અને દ્વસ્સ્જી પરીક્ષાના ૩ બાળકો તેમજ ખેલમહાકુંભમાં યોગમાં રાજ્યકક્ષા સુધી ,કલામહોત્સવ અને વિજ્ઞાનમેળામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા.

શાળાના આચાર્યશ્રી ભરત ચૌધરીએ સ્વાગત પ્રવચન અને શાળાની શૈક્ષણિક પ્રગતિનો અહેવાલ આપ્યો..મુખ્ય મહેમાનશ્રી દ્વારા શાળાના નવીન બાળવાટિકાના નવીનવર્ગનું ઉદ્ઘાટન કરી ખુલ્લો મુકવામાં આવ્યો અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

શાળાના એસ.એમ.સી.સભ્ય કાંતિભાઈ જે.ચૌધરીએ કાર્યક્રમ સફળ બનાવનાર સૌનો આભાર વ્યક્ત કર્યો.અંતમાં મુખ્યમહેમાનશ્રી દ્વારા એસ.એમ.સી.અને શાળા પરિવારને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.-અખંડ ભારત

# IND vs ENG: બીજી ટેસ્ટ પહેલા સ્ટાર ખેલાડી બહાર



શુભમન ગિલના નેતૃત્વમાં ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસ પર છે, જ્યાં યજમાન ટીમ સામે પાંચ મેચોની ટેસ્ટ સીરિઝ રમાઈ રહી છે. ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ લીડ્સના હેડિંગ્લે ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાઈ હતી, જેમાં ભારતીય ટીમે પાંચ વિકેટે કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે બીજી ટેસ્ટ ૨ જુલાઈથી બર્મિંગહામના એજબેસ્ટન ગ્રાઉન્ડ પર રમાશે. બીજી ટેસ્ટ પહેલા ભારતીય ટીમ સાથે સબંધિત મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ફાસ્ટ બોલર હર્ષિત રાણાને ટીમ મેનેજમેન્ટે ટેસ્ટ સ્ક્વોડમાંથી રિલીઝ કરી દીધો છે. એક અહેવાલ પ્રમાણે હર્ષિત રાણા ભારતીય ટીમ સાથે બર્મિંગહામ નથી આવ્યો. તેના સિલેક્શનને લઈને ઘણી ચર્ચા થઈ રહી હતી, કારણ કે તેણે લીડ્સ ટેસ્ટ પહેલા અચાનક ટીમમાં એન્ટ્રી લીધી હતી, જ્યારે શરૂઆતમાં ૧૮ સભ્યોની પસંદગીમાં તેનું નામ નહોતું. લીડ્સ ટેસ્ટમાં હાર બાદ હેડ કોચ ગંભીરે હર્ષિત રાણાને ટીમમાં સામેલ કરવા અંગે સ્પષ્ટતા આપી હતી. ગૌતમ ગંભીરે કહ્યું હતું કે,ટીમના એક ખેલાડીને સામાન્ય ઈજા થઈ હતી, જેના કારણે તેને કવર તરીકે ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. જોકે, સંબંધિત ખેલાડી સમયસર સ્વસ્થ થઈ ગયો, જેના કારણે હર્ષિત રાણાને જાળવી રાખવાની જરૂર નહોતી. ગંભીરે હાર બાદ કહ્યું હતું કે, 'હું ચીફ સિલેક્ટર્સ સાથે હર્ષિત રાણા વિશે ચર્ચા કરીશ. તેને સામન્ય ઈજાને કારણે રોકવામાં આવ્યો હતો. હવે બધું બરાબર છે. હું ચર્ચા કરીશ અને પછી નિર્ણય લેવામાં આવશે.

# મહિલાએ રેલવે ટ્રેક પર કાર દોડાવી, ૧૫ ટ્રેનોના રૂટ બદલાયા.



તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લામાં એ સમયે અફરા-તફરી મચી ગઈ જ્યારે ઉત્તર પ્રદેશની ૩૪ વર્ષીય એક મહિલાએ પોતાની કાર રેલવે ટ્રેક પર દોડાવી દીધી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયુ વેગે વાયરલ થઈ રહ્યો છે. આ ચોંકાવનારી ઘટના શંકરપલ્લી સ્ટેશન પાસે બની હતી. વાયરલ વીડિયોમાં મહિલાની SUV રેલવે ટ્રેક પર ઝડપથી દોડતી જોઈ શકાય છે. રેલવે કર્મચારી, સ્થાનિક લોકો અને પોલીસ મહિલાને કારમાંથી કાઢવાનો પ્રયાસ કરતા વીડિયોમાં જોઈ શકાય છે. જ્યારે એકઠી થયેલી ભીડે મહિલાને કારમાંથી બહાર કાઢીને હાથ બાંધ્યા તો તે ચીસ પાડીને હાથ ખોલવા માટે કહી રહી છે.

એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે, લગભગ ૨૦ લોકોની મદદથી મહિલાને બહાર કાઢવામાં આવી. તે બિલકુલ પણ સહયોગ નહોતી આપી રહી અને ખૂબ જ આક્રમક હતી. રેલવે પોલીસના એસપી ચંદના દિપ્તિએ જણાવ્યું કે, મહિલા માનસિક રીતે અસ્થિર લાગી રહી હતી.

# સૌથી સુંદર વરસાદી દૃશ્ય : પાવાગઢ અને ગીરનારના દૃશ્ય મંત્રમુગ્ધ કરે



ધમધમતો વરસાદ પડ્યો અને સાથે જીવંત થઈ ગયાં કુદરતના ઝરણા. પાવાગઢમાં માની શક્તિપીઠ છે... અહીં જ્યારે વરસાદ પછી પર્વતમાંથી પાણી ખળખળ વહે છે ને, ત્યારે જાણે સ્વર્ગ અહીં ઉતરી આવ્યું હોય એવું લાગે.

પંચમહાલના બીજા દ્રશ્યો પણ કંઈ ઓછા નથી. લોકો દૂરથી આ પાણીના પથારાની મજા લેવા આવી ગયા છે. કુદરત જાણે ખુલ્લા રંગોથી ચિત્ર ખેચી રહી હોય એમ લાગી રહે છે. અને હવે નજર ફેરવીએ દક્ષિણ ગુજરાત તરફ. ચીખલીના રિવરફ્રન્ટ પર કાવેરી નદીના દ્રશ્યો તો આંખને ઠંડક આપે એવા છે. તડકેશ્વર મહાદેવ મંદિર જ્યારે પાણીમાં સમાઈ જાય છે ને, ત્યારે એવું લાગે કે જાણે મહાદેવે પોતે જ મેઘરાજાને આમંત્રણ આપ્યું હોય!

ચાલો હવે લઈ જઈએ તમારું ધ્યાન ચીમેર ધોધ તરફ – દક્ષિણ ગુજરાતનો સૌથી ઊંચો ધોધ. અહી ૩૦૦ ફૂટ ઊંચાઈએથી પાણી ધબકતી ગતિએ નીચે પડે છે. પ્રકૃતિ પ્રેમીઓ માટે તો આ છે કુદરતનો સાક્ષાત્કાર. આ ધોધ સોનગઢથી અંદાજે ૩૦ કિલોમીટર દૂર જંગલની ૨ કિલોમીટર અંદર આવેલો છે, એટલે ટ્રેકિંગ કરીને જ પહોંચી શકાય – પણ દ્રશ્યો એવા ઈનામ આપે કે થાક ક્યાં યાદ રહે!

ગુજરાતમાં ચોમાસું આવે એટલે જૂનાગઢના ગીરનાર અને દાતાર પર્વતના દ્રશ્યો જોઈને જ મન ભરે. પર્વત પરથી સીધું પાણી નીચે પડે છે અને આસપાસ આખું વાતાવરણ લાઈવ થઈ જાય છે. અહીંની ખાસ વાત એ છે કે ગીરનાર પર્વત એટલે ૯૯૯૯ પગથિયા... અને ગુજરાતનો સૌથી ઊંચો પર્વત!

# IPL સામે સાઉદીની હજાર કરોડની ૨૦ લીગ, BCCI-ECBનો વિરોધ.





ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) અને ઈંગ્લેન્ડ-વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB)એ સાઉદી અરેબિયા ટીર૦ લીગનો વિરોધ કર્યો છે. બંને દેશોએ સાઉદી ટીર૦ લીગ ન થવા દેવા માટે હાથ મિલાવ્યા છે. રિપોર્ટ મુજબ સાઉદી અરેબિયા ક્રિકેટ ફાઉન્ડેશન ઈન્ડિયન પ્રીમિયર લીગની જેમ સાઉદી ૨૦ લીગ શરૂ કરવા માગે છે, જેમાં તે ૪૦૦ મિલિયન ડૉલર (લગભગ ૩૪૪૨ કરોડ રૂપિયા)નું રોકાણ કરશે.

ભારત-ઈંગ્લેન્ડે સાઉદી ટીર૦ લીગનો વિરોધ કર્યો

સાઉદી ટીર૦ લીગનો વિરોધ કરી રહેલા બીસીસીઆઈ અને ઈસીબી પોતાના ખેલાડીઓને નવી ટુર્નામેન્ટમાં રમવા માટે મંજૂરી આપશે નહીં. બંને દેશો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)ને પણ સાઉદીની લીગ અટકાવવા માટે ભલામણ કરશે. બીસીસીઆઈ અને ઈસીબીએ વ્યસ્ત ક્રિકેટ શેડ્યૂલના કારણે લીગ અટકાવવા માટે આઈસીસીને કહ્યું છે. બંને દેશોનું કહેવું છે કે, લીગના કારણે તેમના શેડ્યૂલ પર અસર પડશે.

BCCI અને ECB પોતાના ખેલાડીઓને રમવાની મંજૂરી નહી આપે. બીસીસીઆઈ અને ઈસીપીએ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશીપ (WTC) ફાઈનલ વખતે જ એક થઈને સાઉદી ટીર૦ લીગનો વિરોધ શરૂ કર્યો છે. બંને દેશોએ નિર્ણય લીધો છે કે, તેઓ પોતાના ખેલાડીઓને નવી ટુર્નામેન્ટમાં સામેલ કરવા માટે એનઓસી નહીં આપે, જેના કારણે સાઉદીનો કાર્યક્રમ નબળો પડી જશે.

# ઉંઝા પંથકમાં વાવણી લાયક વરસાદથી ખેડૂતોમાં ખુશી



પટેલ જતિન - ઉંઝા સહિત તાલુકા પંથકમાં મેઘરાજા મહેરબાન થતાં વાવણી લાયક વરસાદ વરસતા જગતનો તાત હરખાઈ ઉઠ્યો છે.વરાપ નિકળતાની સાથે જ ખેતી કામમાં જોતરાઈ ગયો છે.

અખંડ ભારત

# સુંદર પિચાઈએ સંત મિત્રને કહ્યું "તું યંગ લાગે છે", સંતે આપ્યો જવાબ

આજના ઝડપી અને ડિજિટલ યુગમાં લોકો યુવાન અને તણાવમુક્ત રહેવા વિવિધ ઉપાયો અપનાવી રહ્યા છે. એવામાં એક આઈઆઈટી સ્નાતકે પોતાના યૌવનનું રહસ્ય ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ સાથે શેર કર્યું છે. ઈસ્કોનના પ્રચલિત સંન્યાસી ગૌરાંગ દાસે લંડનમાં યોજાયેલી ઈન્ડિયા ગ્લોબલ ફોરમ ૨૦૨૫માં પોતાની અને સુંદર પિચાઈ વચ્ચેની રસપ્રદ વાત રજૂ કરી હતી. જેના માધ્યમથી તેમણે તણાવ, આધ્યાત્મિકતા અને ડિજિટલ વ્યસન વિશે વ્યાખ્યાન આપ્યું હતું.

ગૌરાંગ દાસ અને સુંદર પિચાઈ આઈઆઈટી બોમ્બેમાં એક સાથે અભ્યાસ કરતાં હતાં. બંને અલગ અલગ બ્રાન્ચમાં ભણતાં હતાં. તેમનો કોલેજમાં ક્યારેય ભેટો થયો ન હતો. પરંતુ થોડા વર્ષ પહેલાં જ પિચાઈ સંન્યાસી ગૌરાંગ દાસને મળ્યા હતાં. પિચાઈ દાસની યુવાન દેખાવ જોઈને પ્રભાવિત થઈ ગયા હતા.

આ કિસ્સો યાદ કરતા દાસે જણાવ્યું કે, અમે બંને અલગ-અલગ બ્રાન્ચમાં એક સાથે જ આઈઆઈટી બોમ્બેમાં અભ્યાસ કરતાં હતાં. પરંતુ અમે ક્યારેય મળ્યા ન હતાં. થોડા વર્ષ પહેલાં જ અમે મળ્યા અને તે સમયે ૫૩ વર્ષીય પિચાઈએ મને સવાલ કર્યો કે, તમે મારા કરતાં વધુ યુવાન દેખાઓ છો. તેનું કારણ શું છે? જેનો જવાબ આપતાં મેં કહ્યું કે, તમે ગૂગલ સાથે ડીલ કરો છો, જે તણાવનું સર્જન કરે છે. જ્યારે હું ભગવાન સાથે ડીલ કરુ છું, જે તણાવ દૂર કરે છે.

# જાણુંમાં પ્રવેશોત્સવ યોજાયો



અમૃતલાલ પરમાર આજરોજ જાણું ગામે જાણું પાટીયા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું છે. તે કાર્યક્રમમાં દસકોઈ પ્રાંત અધિકારી તેજસભાઈ એસએમસી અધ્યક્ષ પિયુષ કુમાર.આર સોલંકી(સામાજિક કાર્યકર) સરપંચશ્રી ઉપસરપંચશ્રી પંચાયત સદસ્યશ્રી તલાટીશ્રી તથા શિક્ષકો વિદ્યાર્થીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.-અખંડ ભારત

# જાસનવાડા ગામ પંચાયતનું પરિણામ જાહેર



ભાભર તાલુકાના જાસનવાડા ગ્રામ પંચાયતના સરપંચ પદે સુરેશભાઈ ચૌધરી વિજેતા થતાં વિજેતા ઉમેદવારે આ તબક્કે સૌ મતદારોનો આભાર માન્યો હતો.

અખંડ ભારત

# ઈટાલિયાની જીત પછી ગાંધીનગરમાં પાટીદારોની મોટી બેઠક



વિસાવદરની પેટાચૂંટણીમાં આપના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાની ૧૭,૫૮૧ મતથી ભવ્ય જીત થઈ છે. ગોપાલ ઈટાલિયાની જીત બાદ પાટીદારોની ગાંધીનગરમાં મોટી બેઠક યોજાશે. પાટીદાર આંદોલનકારીઓની બેઠકને લઈને વરુણ પટેલે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને જાણકારી આપી છે.

ગાંધીનગરમાં પાટીદાર સમાજની સૌથી મોટી બેઠક આગામી ૨૮ જૂને થવાની છે, ત્યારે ગુજરાતના રાજકારણમાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

મળતી માહિતી મુજબ, બેઠકમાં તમામ પાટીદાર અનામત આંદોલન સમિતિ (PAAS) કન્વીનરો હાજર રહેશે. વિસાવદરમાં ગોપાલ ઈટાલીયાની જીત બાદ પાટીદારો નવાજૂનીના મૂડમાં છે, ત્યારે અલ્પેશ કથીરિયા, ધાર્મિક માલવિયા, વરુણ પટેલ સહિતના પાટીદાર સમાજના આંદોલનકારી હાજર રહેશે.

# સુરત પૂરની જવાબદારી શાસકો પર, બેઠકમાં કામ નહીં નાસ્તો થાય વિપક્ષ



સુરતમાં આવેલા ખાડી પૂર બાદ પાલિકાના વિપક્ષે ભાજપ શાસકો પર ગંભીર આક્ષેપ કર્યા છે. છેલ્લા ૩૦ વર્ષથી ભાજપ સત્તા પર છે પણ શાસકોની અણઆવડતના લીધે સુરત શહેર ફરી પૂરમાં ફસાયું છે. જે સમીક્ષા બેઠક થાય છે તેમાં કામગીરી થતી નથી ચા નાસ્તા કરી અધિકારીઓ છુટા પડે છે. આ ઉપરાંત સુરતમાંથી પસાર થતી ખાડી પર અનેક માર્કેટ તથા મોટા દબાણો થયા છે. તે દબાણો પણ શાસકો દૂર કરી શકવાની હિંમત ધરાવતા ન હોવાથી સુરતીઓએ દર વર્ષે પૂરનો સામનો કરવો પડી રહ્યો છે. સુરત શહેરમાં બુધવારે ખાડીના પૂર લોકોના ઘર અને દુકાનમાં ઘૂસી ગયાં છે અને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. આ વર્ષે પૂર આવે તેવી શક્યતા હોવાથી કામગીરી માટે પ્રયાસ કર્યા હતા પરંતુ તે નિષ્ફળ જતા ફરી પૂર આવ્યું છે.

આ અંગે પાલિકાના વિપક્ષી નેતા પાયલ સાકરીયાએ કહ્યુ હતું કે, આ વર્ષે શરૂઆતમાં જ વરસાદમાં આખું શહેર પાણી પાણી થઈ ગયું છે છેલ્લા ૩૦ વર્ષથી સુરતમાં ભાજપનું શાસન છે પરંતુ શાસકોની અણઆવડતના કારણે સુરતના મોટા ભાગના વિસ્તારોમાં પાણી ભરાયા છે.

# સ્થાનિક સ્વરાજ્યની ગામ પંચાયતની ચૂંટણીના પરિણામો બાદ વિવાદનો મધપુડો છંછેડાયો




સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાની જોરાજીના મુવાડા ગ્રામ પંચાયતની યોજાયેલ સામાન્ય ચૂંટણી બાદ જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં મતગણતરીમાં ગોલમાલ થઈ હોવાના આક્ષેપ સાથે આંબજીના મુવાડા ગામના યુવાન મહિલાઓ વડીલો તમામ મતદારો એક જૂથ થઈ ચૂંટણી અધિકારી દ્વારા મતગણતરી દરમિયાન રદ કરવામાં આવેલ મત કયા કારણોસર રદ કરવામાં આવ્યા છે તેની સ્પષ્ટતા અને ન્યાયિક પ્રણાલીકા પ્રમાણે ન્યાય આપવા માટે આજે સ્થાનિક ચૂંટણી અધિકારી તલોદ મામલતદાર કચેરી ખાતે રજૂઆત કરવા માટે ઉમટી પડ્યા હતા .

આ મુદ્દે રજૂઆત કરવા માટે દોડી આવેલ મતદારોએ મીડિયા સમક્ષ આપ વીતી વર્ણવતા જણાવ્યું હતું કે તાજેતરમાં યોજાયેલ અમારા જોરાજીના મુવાડા ગ્રામ પંચાયતની ચૂંટણી બાદ હાથ ધરાયેલ મત ગણતરીમાં અમારા ગામના મતદાન મથકના દોઢસો થી વધુ મતો ચૂંટણી અધિકારી દ્વારા રદ કરવામાં આવ્યા છે.મતદાન મથક ઉપર જ્યારે મતદારો મતદાન કરવા ગયા ત્યારે બેલેટ પેપરથી મતદાન કરવાનું હોઈ તેના ઉપર લગાવવામાં આવતો સિક્કો જે સિક્કાની છાપ એક બાજુ હોય અને એક બાજુ સિક્કા વગરનું હોય તેવો મતદારો જણાવી રહ્યા હતા.ઉપરાંત સિક્કાની જગ્યાએ અંગૂઠો મારવામાં આવશે તો પણ મતદાન કરેલું માન્ય ગણાશે તેવી મતદારોને ઉપસ્થિત ચૂંટણી ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા જણાવી ગુમરાહ કરવામાં આવ્યા હોવાનું આજે મામલતદાર કચેરી ખાતે ઉપસ્થિત મતદારોએ આક્ષેપ સાથે જણાવ્યું હતું અને તેઓએ ચૂંટણી અધિકારી સમક્ષ થયેલ ચૂંટણી પ્રક્રિયાનું મતદાન નું પુનઃરીકાઉન્ટિંગ કરી તમામ મતદારોને અને ગ્રામજનોને ન્યાય આપવામાં આવે તેવી માંગ હાલ તો સ્થાનિક ગ્રામજનો,મતદાર અને ઉમેદવારે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂઆત કરી છે.હવે જોવાનું એ રહ્યું કે ચૂંટણી અધિકારી દ્વારા આ છંછેડાયેલ વિવાદના મધપૂડાને શાંત પાડવા માટે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવે છે તેના ઉપર સૌ મતદારો અને ચૂંટણી લડતા ઉમેદવારની નજર ચૂંટણી અધિકારીના નિર્ણય ઉપર મંડાઈ છે.જો સંતોષકારક ન્યાય મતદારોને નહીં મળે તો કોર્ટના દ્વાર પણ ખટખટાવીશું તેમ રજૂઆત કરવા આવેલ મતદારો અને સ્થાનિકોએ જણાવ્યું હતું

- અખંડ ભારત

# સુરતમાં પૂર પછી ગંદકીનો કહેર, રોગચાળાની ભીતિ



સુરત શહેરમાં ફરી એકવાર પૂર બાદ કચરાનો નિકાલ યોગ્ય રીતે ન થતાં હવે રોગચાળો ફેલાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે. લોકોના ઘર, દુકાનોમાં પાણીનો ભરાવો થયાં બાદ સોસાયટીના નાકે કચરો લોકોએ બહાર કાઢ્યો છે. તેનો હજુ નિકાલ થતો ન હોવાથી હવે રોગચાળો થાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે.

# ઈંગ્લેન્ડમાં ગુજરાતી ખેલાડીની ધમાકેદાર બેટિંગ, ૧૦૩ રન ફટકાર્યા.



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની પહેલી મેચ ૨૦થી ૨૪ જૂન દરમિયાન લીડ્સના હેડિંગ્લે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. આ મેચમાં ભારતીય ટીમને ૫ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. આ દરમિયાન અંડર-૧૯ ભારતીય ટીમે ઈંગ્લેન્ડ યંગ લાયન્સ સામે ૨૩૧ રનથી જીત મેળવી હતી. આ ઐતિહાસિક જીતનો હીરો મૂળ ગુજરાતના વિકેટકીપર અને બેટર હરવંશ પંગલિયા હતો.

હરવંશની તોફાની બેટિંગઈંગ્લેન્ડના લફબરોમાં ભારતીય અંડર ૧૯ અને ઈંગ્લેન્ડ યંગ લાયન્સ વચ્ચે ODI મેચ રમાઈ હતી. જેમાં ભારતે પહેલા બેટિંગ કરીને ઈંગ્લેન્ડ લાયન્સ સામે ૬૦ ઓવરમાં ૪૪૨ રનનો વિશાળ સ્કોર ઊભો કર્યો હતો. કેપ્ટન આયુષ મ્હાત્રે ૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. જ્યારે તાજેતરમા IPL ન્યધમાલ મચાવનાર ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશી ૧૭ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો.

ત્યારે તે જ મેચમાં હરવંશ પંગલિયાએ ૫૨ બોલમાં અણનમ ૮ ચોગ્ગા અને ૯ છગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા.

ભારતીય અંડર ૧૯ ટીમમાં હરવંશ પંગલિયા ઉપરાંત રાહુલ કુમારે ૭૩, કનિષ્ક ચૌહાણે ૭૯ અને આરએસ અંબરીશે ૭૨ રન બનાવ્યા. બોલિંગમાં પણ દીપેશ દેવેન્દ્રને ૩ વિકેટ લીધી, જ્યારે નમન પુષ્પક અને વિહાન મલ્હોત્રાએ ૨-૨ વિકેટ લીધી અને ઈંગ્લેન્ડ યંગ લાયન્સને ૨૧૧ રનમાં ઓલઆઉટ કરી દીધું.

# AAPએ MLA ઉમેશ મકવાણાને ૫ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા, પક્ષ વિરોધી ગતિવિધિનો આરોપ



બોટાદ આપના ધારાસભ્ય ઉમેશ મકવાણા આમ આદમી પાર્ટી સામે બાંયો ચડાવતાં આજે (ગુરૂવારે) દંડક અને જોઈન્ટ સેક્રેટરી સહિતના તમામ પદેથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ પાર્ટીએ કડક કાર્યવાહી કરતાં ઉમેશ મકવાણાને ૫ વર્ષ માટે સસ્પેન્ડ કરતાં કર્યા છે અને પાર્ટી પક્ષવિરોધી ગતિવિધિઓનો આરોપ લગાવ્યો છે. તો બીજી તરફ ઉમેશ મકવાણાએ રાજીનામું આપ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે પાર્ટી દ્વારા ઓબીસી સમાજ અને પછાત વર્ગના નેતાઓનો ચૂંટણીમાં માત્ર ઉપયોગ થાય છે અને ચૂંટણી બાદ તેમને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. ઓબીસીનો માત્ર વોટ બેંક તરીકે ઉપયોગ થાય છેકોંગ્રેસ છેલ્લા વર્ષોથી સત્તાથી દૂર છે તેમછતાં પછાત સમાજનો અવાજ બની શકી નથી. હું જ્યારે આપમાં અલગ અલગ હોદ્દાઓ પર હતો ત્યારે મને ખુદ અહેસાસ થઇ રહ્યો છે કે પછાત સમાજના મુદ્દા ઉઠાવવાના હોય છે ત્યારે પાર્ટી તરફથી ઉણપ જોવા મળે છે. હોદ્દા આપવાની વાત આવે ત્યારે સવર્ણ સમાજને હોદ્દા આપવામાં આવે છે. ચૂંટણી ટાણે ઓબીસીનો માત્ર વોટ બેંક તરીકે ઉપયોગ થાય છે. ચૂંટણી પૂરી થઇ ગયા બાદ હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે.

# સલગ ત્રીજા દિવસે બજારમાં તેજી, સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ ઉછળ્યો



શેરબજારમાં આજે સળંગ ત્રીજા દિવસે આકર્ષક તેજી જોવા મળી છે. વૈશ્વિક સ્તરે જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ દૂર થતાં તેમજ વૈશ્વિક સ્તરે સકારત્મક સંકેતો મળતાં સેન્સેક્સ અને નિફ્ટી ૧ ટકાથી વધુ ઉછળ્યા છે. સેન્સેક્સ અંતે ૧૦૦૦.૩૬ પોઈન્ટ (૧.૨૧ ટકા) ઉછળી ૮૩૭૫૫.૮૭ અને નિફ્ટી ૩૦૪.૨૫ પોઈન્ટ (૧.૨૧ ટકા) ઉછાળે ૨૫૫૪૯ પર બંધ રહ્યો હતો. આ સાથે નિફ્ટી નવ માસની ટોચે પહોંચ્યો છે.રોકાણકારોની મૂડી ૩.૪૬ લાખ કરોડ વધીશેરબજારમાં સાર્વત્રિક તેજીના માહોલ વચ્ચે આજે રોકાણકારોની મૂડી ૩.૪૬ લાખ કરોડ વધી છે. બીએસઈ ખાતે આજે ૨૬૦ શેરમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૧૨૭ શેર વર્ષની ટોચે પહોંચ્યા હતાં. મેટલ, બેન્કિંગ, એનર્જી, પાવર સહિતના શેર્સમાં નીચા મથાળે ખરીદી વધતાં ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઉછળ્યા હતાં. રિયાલ્ટી અને આઈટી શેર્સમાં કડાકોશેરબજારમાં સાર્વત્રિક ઉછાળા વચ્ચે રિયાલ્ટી અને આઈટી શેર્સમાં પ્રોફિક બુકિંગ જોવા મળ્યું હતું. રિયાલ્ટી સેગમેન્ટમાં આજે ૧.૦૪ ટકાનો કડાકો નોંધાયો હતો. જ્યારે આઈટી ઈન્ડેક્સ ૦.૧૪ ટકા કડાકે બંધ રહ્યો હતો. એશિયન શેરબજારમાં ઉછાળાની પણ સ્થાનિક બજારમાં અસર જોવા મળી હતી. જાપાનનો નિક્કેઈ ૨૨૫ અને ચીનનો શાંઘાઈ ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતાં. અમેરિકન શેરબજારમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો.

# ટુ વ્હિલર ચાલકો પાસે ટોલ વસૂલવાની વાત ખોટી



હાલમાં જ એવા અહેવાલ વહેતા થયા હતા કે, કેન્દ્ર સરકાર હાઈવે મુસાફરીને લગતા નીતિનિયમોમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. આ ફેરફારોના ભાગરૂપે ૧૫ જુલાઈ, ૨૦૨૫થી ટુ-વ્હિલર ચાલકોને પણ હાઈવે પર ટોલ-ફ્રીનો લાભ આપવાનું બંધ કરાશે એવી વાત હતી. જો કે, કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ એક ટ્વિટ કરીને આ વાતનું ખંડન કર્યું છે. આ પહેલા અહેવાલ હતા કે, ટુ વ્હિલર ચાલકો પાસેથી ટોલ ઉઘરાવવાનું સરકારનું પગલું તમામ નાના-મોટા વાહનોને FASTag દ્વારા ડિજિટલ ટોલ કલેક્શન સિસ્ટમના દાયરામાં લાવવાની નીતિનો એક ભાગ છે. હાલ દેશમાં તમામ હાઈવે પર ટુ-વ્હિલરને ટોલમાંથી મુક્તિ છે. તેનું કારણ એ હતું કે રસ્તાના ઘસારા પર આ વાહનોની અસર નહીવત છે. આ ઉપરાંત આ વાહનો પાસેથી ટોલ ઉઘરાવવાનો ખર્ચ પણ વધારે થાય એમ હતો. પરિણામે, ટુ-વ્હિલરને FASTag ખરીદવાની પણ કોઈ જરૂરિયાત ન હતી. ઉલ્લેખનીય છે કે એવા દાવા કરાયા હતા કે કેન્દ્ર સરકાર હાઈવે મુસાફરીને લગતા નીતિનિયમોમાં મોટા ફેરફારો કરવા જઈ રહી છે. આ ફેરફારોના ભાગરૂપે ૧૫ જુલાઈ, ૨૦૨૫થી ટુ-વ્હિલર ચાલકોને પણ હાઈવે પર ટોલ-ફ્રીનો લાભ આપવાનું બંધ કરવામાં આવશે. જો કે, આ મુદ્દે સરકારે સત્તાવાર જાહેરાત નહોતી કરી. પછીથી કેન્દ્રીય પરિવહનમંત્રી ગડકરીએ આ અહેવાલોને ફગાવતા ખોટા સાબિત કર્યા હતા.

# ધરપકડના ડરે પુતિને બ્રિક્સ સમિટ રદ કરી, જિનપિંગ પણ અંતર રાખશે.



રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન આગામી મહિને બ્રાઝિલમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં વ્યક્તિગત રૂપે ભાગ નહીં લેશે. ક્રેમલિને બુધવારે આ વાતની પુષ્ટિ કરતાં કહ્યું કે, આ નિર્ણય, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા તેમની વિરુદ્ધ જારી કરાયેલ ધરપકડ વોરંટને કારણે લેવામાં આવ્યો છે. તેના બદલે પુતિન ૬-૭ જુલાઈના રોજ રિયો ડી જનેરિયોમાં વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી સમિટમાં ભાગ લેશે.રશિયાના વિદેશ મંત્રી આ સમિટમાં ભાગ લેશે ક્રેમલિનના વિદેશ નીતિ સલાહકાર યૂરી ઉશાકોવે પત્રકારોને જણાવ્યું કે, પ્રમુખ પુતિન મુખ્ય આયોજનોમાં વીડિયો લિંકના માધ્યમથી ભાગ લેશે. આ નિર્ણય ICCની જરૂરિયાતોના સંદર્ભમાં કેટલીક મુશ્કેલીઓને કારણે લેવામાં આવ્યો છે. બ્રાઝિલ સરકાર આ સંદર્ભમાં સ્પષ્ટ વલણ અપનાવવામાં અસમર્થ રહી, જેના કારણે પુતિનની વ્યક્તિગત હાજરી શક્ય ન બની શકી. રશિયાનું પ્રતિનિધિત્વ કરવા માટે વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સમિટમાં ભાગ લેશે. ICCએ માર્ચ ૨૦૨૩માં પુતિન વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કર્યું હતું. તેમાં પુતિન પર ૨૦૨૨માં યુક્રેન પર આક્રમણ બાદ યુક્રેનિયન બાળકોના ગેરકાયદેસર દેશનિકાલનો આરોપ લગાવવામાં આવ્યો છે.

રશિયાએ આ યુદ્ધ ગુનાઓના આરોપોને નકારી કાઢ્યા છે અને ક્રેમલિને વોરંટને અમાન્ય ગણાવી દીધું છે. રશિયા ICCની સ્થાપના સંધિ પર હસ્તાક્ષર કરનાર નથી. જો કે, આ વોરંટ પુતિન માટ ICC સંધિ પર હસ્તાક્ષર કરનારા દેશોમાં મુસાફરી કરવાનું જોખમી બનાવે છે.

# જૂનાગઢમાં ચોરીના મુદ્દામાલ સાથે છ ઈસમો ઝડપાયા

કિશન બહેચા - જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. જે.જે. પટેલ સાહેબના સુચન તથા માર્ગદર્શન હેઠળ તેમની ટીમને સંયુક્ત રીતે ખાનગી બાતમી તથા ટેક્નીકલ સોર્સ આધારે હકીકત મેળવેલ કે ચોરવાડ પો.સ્ટે.માં શાંતિપરા તથા જાનુડા ગામે આવેલ મલ્ટીપર્પઝ સાઈકલોન શેલ્ટરમાંથી સોલાર બેટરીઓ, પંજા, વાયર તથા ટ્યુબલાઈટની ચોરી થયેલ છે. તપાસ દરમિયાન જાણવા મળેલ કે ગુનામાં વિજય સોલંકી, મયુર સોલંકી, કુનાલ સોલંકી, યોગેશ સોલંકી, કિશોર ઉર્ફે ભુરો સોલંકી, કેતન સોલંકી




તથા અર્જુન ઉર્ફે કબુતર - all જુનાગઢ વિસ્તારના રહેવા વાળા હોય તેવી હકીકત મળી હતી.આ માહિતીના આધારે તપાસ હાથ ધરતા ચોક્કસ બાતમી મુજબ તમામ ઈસમો જુનાગઢ મજેવડી દરવાજા ચુનારા વાસ વિસ્તારમાં હાજર હોવાની માહિતી મળતાં પોલીસે સ્થળ પર પહોંચી કુનાલ સોલંકી, યોગેશ સોલંકી, અર્જુન ઉર્ફે કબુતર, અમિત સોલંકી, કિશોર ઉર્ફે ભુરો તથા કેતન સોલંકીને અટક કરી પુછપરછ હાથ ધરી હતી. તમામ ઈસમોએ ગુનામાં સંડોવાયેલા હોવાની કબૂલાત આપી હતી જેથી તમામ ઈસમોની કાયદેસર અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે

-અખંડ ભારત

# જૂના વણઝરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો



જૈમિન ચૌહાણ - જુના વણઝર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ અને વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ શ્રી ધનજીભાઈ નિનામા ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે સાથે પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉમદા હેતુથી વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો, જેમાં ગ્રામજનો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.-અખંડ ભારત

# ધવલીદોડ ગામે પ્રવેશોત્સવ યોજાયો

ધિસારામ ચૌધરી - શિક્ષિત સમાજના નિર્માણ થકી વિકસિત ભારતના નિર્માણમા રાજ્યના દરેક પ્રજાજનોને સહભાગી થવાની અપીલ સાથે, ડાંગ કલેક્ટર સુશ્રી શાલિની દુહાને, આહવા તાલુકાના ધવલીદોડ ગામે સરકારી માધ્યમિક શાળાના ધોરણ-૯ના ૩૪ બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો હતો. શિક્ષણ, સ્વચ્છતા, અને પર્યાવરણના જતન સંવર્ધન ઉપર ભાર મુક્તા કલેક્ટરશ્રીએ ખાસ કરીને કન્યા શિક્ષણનો મહિમા વર્ણવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ડાંગ કલેક્ટર સુશ્રી શાલિની દુહાને સ્વયં એક નહી ત્રણ ત્રણ વખત



UPSCની એક્ઝામ ક્લિયર કરી છે. ઉચ્ચ કારકિર્દી ઘડતર માટે સખત પરિશ્રમ કરીને યુવાનોને શ્રેષ્ઠ કારકિર્દી ઘડતરનો મૂક સંદેશ આપતા કલેક્ટરશ્રીએ, ગ્રામીણ વિસ્તારોમા શ્રેષ્ઠ શૈક્ષણિક સુવિધાઓ માટે પ્રયાસરત સરકારશ્રીની વિવિધ યોજનાઓના સથવારે, ઉચ્ચ કારકિર્દી તરફ સૌને આગળ વધવાની હિમાયત કરી હતી.

-અખંડ ભારત

# રમોસમાં પ્રવેશોત્સવ યોજાયો



સુહાગ જોષી આજરોજ અરવલ્લી જિલ્લામાં ધનસુરા તાલુકા ની રમોસ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ નિમિત્તે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર ના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવવ્યો તેમજ શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ટીમ દ્વારા બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવી તેમજ અને રસીકરણ કરવામાં આવ્યું તેમજ શાળામાં આશરે ૨૦ જેવા બાળકોને બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.-અખંડ ભારત

# ભાવડા ગામ પંચાયતનું પરિણામ જાહેર

અમૃતલાલ પરમાર - દસક્રોઈ તાલુકાના ભાવડા ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીનું પરિણામ જાહેર થતાં સરપંચ તરીકે અનિરુધ્ધસિંહ બિહોલા વિજેતા જાહેર થતાં તેમના કાર્યકરો,ટેકેદારો અને સમર્થકોમાં ખુશીનો માહોલ પ્રસરી ગયો હતો.-અખંડ ભારત



# રાજુલાના કોવાયા માર્ગનું મરામત કરવા માંગ

મિતેષ વઢવાણા - અમરેલી જિલ્લાના રાજુલા પાસે આવેલ કોવાયા ગામે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપની લિમિટેડ જવા માટે રોડ હાલ સાવ બિસ્માર હાલતમાં છે અને આ રોડ ઉપર મોટા મોટા ખાડા પડી ગયા છે જેના લીધે વરસાદ પડે એટલે ત્યાં પાણી ભરાય જાય જેનાથી ખાડા કેટલા ઊંડા છે જેની ખબર પડતી નથી અને તેના લીધે અકસ્માત થવાનો ભય રહે છે તેમજ વાહનો ને નુકશાન વેઠવી પડે છે અને કંપની કે કોવાયા ગામમાં જવા આવવા



ના રોડ ઉપર ખૂબ જ ઊંડા ખાડા પડી ગયા છે છતાં પણ કંપની કે સરકારી તંત્ર દ્વારા કોવાયા થી વાંકા બાવળ સુધી જવા-આવવાના રોડ માં મોટા મોટા ગાબડા ને કારણે કોઈ અકસ્માતની દુર્ઘટના સર્જાય તે પહેલા તેનું મરામત કરવામાં આવે તેવી સ્થાનિક પ્રજાજનોની માંગ ઉઠી છે. -અખંડ ભારત

# મોડાસામાં શોર્ટ સર્કિટથી ભભૂકી આગ




પટેલ વિપુલકુમાર - અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના બાયપાસ રોજ નજીક આવેલ સ્ટાઈલની દુકાનમાં કોઈ અગમ્ય કારણોસર શોર્ટ સર્કિટને કારણે આગ ભભૂકી ઉઠતા સ્થાનિકો દોડી આવી ફાયર બ્રિગેડને જાણ કરી ફાયર ફાઈટરની મદદથી આગ ઉપર કાબુ મેળવાયો હતો.-અખંડ ભારત

# પાલડી પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

પ્રેમિલાબેન પંચાલ- અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાની અંતરીયાળ વિસ્તારમાં આવેલી પાલડી પ્રાથમિક શાળામાં બાયડ તાલુકા વિકાસ અધિકારી હની કુમારી સિસોદિયાના પ્રમુખ પદે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો. બાલવાટિકા અને ધોરણ ૧ માં નવીન પ્રવેશ પામતાં બાળકોને કુમ કુમ તિલક કરી, મોં મીઠું કરાવીને પ્રવેશ આપવામા આવ્યો હતો.બાયડ ટીચર્સ મંડળી અને પંછીભાઈ વણઝારા તથા પાલડી શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોનીના સહયોગથી બાલવાટિકા અને ધોરણ ૧ માં પ્રવેશ પામતાં બાળકોને સ્કુલબેગ કિટ (દફતર, સ્લેટ,દેશી હિસાબ, સ્લેટ માં લખવાની પેન, વ્યસનમુક્તિ અભિયાનની પુસ્તિકા) નું વિતરણ કરવામાં આવ્યું. ત્યારબાદ વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એસ એમ સી અધ્યક્ષ મહોબ્બતસિંહ ચૌહાણ, લાયઝન અધિકારી આશિષકુમાર




વાળંદ,આંબલીયારા સી આર સી વનરાજસિંહ ઝાલા, આંગણવાડી કાર્યકર અને બાળકો તથા પાલડી ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં. શાળા પરિવારે દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન શાળામાં અભ્યાસ કરતાં વિધાર્થી ચૌહાણ ચિરાગ અને ચૌહાણ આશાએ કર્યું હતું.સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાનાં મુખ્ય શિક્ષક ધર્મેશ સોની,સુશીલાબેન પટેલ, જીતેન્દ્રભાઈ ભોઈ, કિરણભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, જયેશભાઈ પ્રજાપતિએ કર્યું હતું. -અખંડ ભારત

# ભાવગનરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

પ્રકાશભાઈ - કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના રાજયવ્યાપી શુભારંભ અવસરે ભાવનગર પશ્ચિમ ના ધારાસભ્ય સાહેબ શ્રી જીતુભાઈ વાઘાણીએ ભાવનગર માં આવેલ એ કે મોરડીયા હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો આપી પ્રોત્સાહિત કર્યા.ગુજરાતની શિક્ષણ પદ્ધતિ ૨૧મી સદીની આવશ્યકતાઓ અને વૈશ્વિક બજારની માંગ અનુસાર બદલાઈ રહી છે, ત્યારે



ટેકનોલોજી, ઈનોવેશન અને કુશળતા વિકાસ દ્વારા ‘વિકસિત ભારત ૨૦૪૭‘ના સંકલ્પને સાકાર કરવામાં આપણું ગુજરાત અગત્યનો ભાગ ભજવશે.

-અખંડ ભારત

# આદરજ ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો



મિતેષ પટેલ - ગાંધીનગરના કલ્યાણજીપરૂ કન્યા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ૨૦૨૫/૨૬ યોજવામાં આવ્યો કાર્યક્રમની અંદર અતિથિ વિશેષ માનનીય આલોકકુમાર પાંડે - ગાંધીનગરની ઉપસ્થિતીમાં યોજાયેલ આ કાર્યક્રમમાં આંગણવાડી અને બાલવાટિકાના નાના ભૂલકાઓને આનંદ ઉલ્લાસ સાથે શાળામાં અને આંગણવાડીમાં પ્રવેશ આપવામાં આવ્યો સાથે દાતાશ્રીઓનું અને તેજસ્વી તારલાઓનું સન્માન બાદ વૃક્ષારોપણ કરાયું હતું.-અખંડ ભારત

# અસલાલી પ્રા.શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



મેહુલ પરમાર - માતર તાલુકાના અસલાલી ગામની પ્રા.શાળામાં આજ રોજ યોજાયેલ શાળા પ્રવેશોતસ્વમાં ગામના સરપંચ ફતેસિંહ સોઢા દુધ મંડળીના સેક્રેટરી રાજ કુમાર સોઢા ચેરમેન વા. ચેરમેન તથા વાલી ગામના આગેવાન વડીલોએ હાજરી આપી બાલવાટિકા ના બાળકો ને દુધ મંડળી તરફ થી સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવતા શાળાના આચાર્ય મનીષા બેને સંસ્થાનો આભાર વ્યકત કર્યો હતો.-અખંડ ભારત

# પ્રાચી ગ્રામ પંચાયતનું પરિણામ જાહેર



અયુબભાઈ - સુત્રાપાડા તાલુકા ના પ્રાચી ગામની યોજાયેલ ચૂંટણીનું પરિણામ જાહેર થતાં ગામના સરપંચ તરીકે મહેન્દ્રભાઈ યાદવ ની પેનલનો જંગી મતોથી વિજયી થતાં વિજેતા ઉમેદવારને સૌ ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી હતી.-અખંડ ભારત

# ભારજ નદી ઉપરનું ડાયવર્ઝન ધોવાઈ જતાં સંપર્ક કપાયો

પરીક્ષિત બારીયા - છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર પાસે નેશનલ હાઈવે ૫૬ ઉપર આવેલુ ભારજ નદી માં બનાવેલુ ડાઈવર્ઝન ચાર કરોડ ના ખર્ચે બનાવ્યુ હતું, જે ધોવાઈ ને બે ભાગ ટુકડે ટુકડા થઈ જતાં આ માર્ગ સાથે સંકળાયેલ અંદાજીત ૪૦ જેટલા ગામડાઓ સંપર્ક વિહોણા બનતા સ્થાનિકોને



મુશ્કેલીનો સામનો કરવાની ફરજ પડી રહી છે.-અખંડ ભારત

# વણછરા ગ્રામ પંચાયતનું પરિણામ જાહેર



હમીરસિંહ પઢીયાર - પાદરા તાલુકાની વણછરા ગામ પંચાયતની યોજાયેલ ચૂંટણીમાં સતત બીજી વખત નિલેશભાઈ ચન્દ્રસિંહ પરમાર વિજયી થયા હતા.જ્યારે વોર્ડના સભ્ય પઢીયાર રેખાબેન.

પઢીયાર રીટાબેન પઢીયાર રાજેન્દ્રસિંહ તેમજ જાદવ આજીતસિંહ નો વિજય થતાં તમામ વિજેતા ઉમેદવારોએ સૌ મતદારોનો આ તબક્કે આભાર વ્યક્ત કર્યો હતો.-અખંડ ભારત

# જન સેવા ટ્રસ્ટની પ્રેરણાદાયી કામગીરી



ધિસારામ ચૌધરી - આહવામાં ચાલતા જનસેવા ટ્રસ્ટના માણસોને ફુવારા સર્કલ પાસે એક મંદ બુદ્ધિનો ઈસમ મળી આવતા આ ઈસમને આહવા પોલીસ સ્ટેશન ખાતે સુપ્રત કરી તેના વાલી વારસો સુધી પહોચાડવા ટીમે મદદરૂપ થઈ સૌને પ્રેરણા પુરી પાડતા આ ટ્રસ્ટની કામગીરીને સૌએ બિરદાવી હતી.-અખંડ ભારત

# દ્વારકાના લારી ગલ્લાના વેપારીઓનું ઉપવાસ આંદોલન



ધનવંત વાયડા - દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લારી ગલ્લાના કેબિન ધારકો ઉપવાસ આદોલન ઉપર ઉતરી સ્થાનિક તંત્ર સામે વિસ્તારમાં વેચાતા ખુલ્લેઆમ દારૂ મુદ્દે કાર્યવાહી કરવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા.-અખંડ ભારત

# સાતરડા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

પ્રેમિલાબેન પંચાલ - આજ રોજ રાધાકૃષ્ણ વિદ્યા મંદિર સાતરડા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત અરવલ્લી જિલ્લા કલેક્ટર, મામલતદાર અને સ્થાનિક સરપંચ તથા શ્રી કેળવણી મંડળ પ્રમુખ ટ્રસ્ટી શ્રી અને ગ્રામજનો ઉપસ્થિતમાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.-અખંડ ભારત



# સાબર ડેરી ખાતે ઉજવાયો સંવિધાન હત્યા દિવસ




કુંવરસિહ ચૌહાણ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર શહેર સાબરડેરી ઓડિટોરિયમ હોલ ખાતે સંવિધાન હત્યા દિવસ સંસ્મરણ કાર્યક્રમ યોજાયો હતો. ૧૯૭૫ નો આ દિવસ એટલે લોકશાહી ની હત્યા નો કાળો અધ્યાય. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ ગાંધીનગર થી લાઇવ જોડાયા હતા અને રાજ્યના નાગરિકોને સંબોધિત કર્યા હતા,તે વખતના આપખુદ તાનાશાહી સતાધીશો પોતાના અહંકાર અને સત્તા લાલસાના કારણે પ્રજાજનોની અભિવ્યક્તિ અને તેમના અધિકારોને રુંધી દીધા હતા. કટોકટી લગાવ્યાના ૫૦ વર્ષ પૂર્ણ થયા છે ત્યારે નવી પેઢી સંવિધાનના લોકતાંત્રિક મૂલ્યોની મહત્વતા ને જાણે અને ભવિષ્યમાં લોકશાહીની ગરિમાને કલંકિત કરતી આવી કોઇ ઘટના ફરી ન બને તે હેતુથી દેશમાં આ દિવસને સંવિધાન હત્યા દિવસ તરીકે મનાવવામાં આવી રહ્યો છે.

આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશલ્યા કુંવરબા,હિંમતનગર ધારાસભ્ય શ્રી વિ ડી ઝાલા, સાબરકાંઠા જિલ્લા સાંસદ શોભનાબેન બારૈયા ,જિલ્લા ભાજપ અધ્યક્ષ કનુભાઇ પટેલ,કલેકટર શ્રી લલીતભાઇ નારાયણ,જીલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદભાઇ વોરા, સાબરડેરી ચેરમેન શામળભાઇ પટેલ અને મોટી સંખ્યામાં અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી સંવિધાનિક મૂલ્યોના આદર માટે સૌને હાકલ કરી હતી....અખંડ ભારત

# વિજયનગર તાલુકાના રાજપુર ગામના સરપંચ નું સન્માન કરવામાં આવ્યું



ચંદુભાઈ પટેલ વિજયનગર - આજરોજ ગઈ કાલે યોજાયેલ ચૂંટણી પરિણામ માં વિજયનગર તાલુકા પંચાયત ની ચૂંટણી માં રાજપુર ગામ ના યુવાન આગેવાન સહકારી અગ્રણી આંજણા ચૌધરી સમાજ ના પ્રમુખ એવા ડૉ. પંકજભાઈ આર. પટેલ રાજપુર પંચાયત માં સતત બીજી વખતે સરપંચ તરીકે પુરી પેનલ સાથે બહુમતી થી ચૂંટાતા આવ્યા હતા.

વિજયનગર તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. પરેશભાઈ પટેલ તથા ભાજપ ના સક્રિય સભ્ય નરેશભાઈ અને વડાલી કોલેજ ના પ્રોફેસર ડૉ .પ્રભુદાસભાઈ પટેલ દ્વારા ડૉ. પંકજભાઈ નું શાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું હતું અને ભવિષ્ય ની ઉજવળ કારકિર્દી માટે શુભકામના પાઠવવા માં આવી હતી.

# ટીંટોઈ ગામના નવા ચૂંટાયેલા સરપંચ શ્રી પ્રદીપભાઈ પટેલ ને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

પાર્થ પટેલ - અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં આવેલ ટીંટોઈ ગામની પંચાયત ચુંટણી રહી રસાકસીભરી...

કટોકટી ભરી ચૂંટણીમાં ૧૫૨૫ મત મેળવીને આપે આપની કર્તવ્ય નિષ્ઠા , લોક પ્રેમ , લોક ચાહના અને સક્ષમ નેતૃત્વના ગુણો ઉજાગર કર્યા છે .પ્રદીપભાઈ આપ વિકાસ ના દીપ પ્રગટાવો . આજ થી શરૂ થતા ૫ વર્ષ સહકાર અને સકારાત્મક ભાવના સાથે કોઈ પણ ભેદભાવ વગર ગામ ને નવી ઊંચાઈ એ લઈ જવા પ્રયત્નશીલ રહેશો અને આપના નામને સાર્થક કરવા પ્રકૃષ્ટ રીતે પ્રગટાવેલા તેજની આભાથી ગામને પ્રકાશિત કરશો તેવી ભાવપૂર્વક શુભેચ્છાઓ.

ટીંટોઈ ગામના સરપંચ પદે પ્રદીપભાઈ પટેલનો ૧૫૨૫ મતોથી ઐતિહાસિક વિજય.

ટીંટોઈ ગામના સરપંચ તરીકે પ્રદીપભાઈ પટેલે ૧૫૨૫ મતોના બહુમતથી ઐતિહાસિક વિજય મેળવ્યો છે.વિજય બાદ ગામમાં ખુશીની લાગણી જોવા મળી. પ્રદીપભાઈ પટેલે ગામના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહેવાની આશા વ્યક્ત કરી તથા ગામજનોનો આભાર માન્યો.. .. અખંડ ભારત

# વ્યારા જિલ્લામાં ચિખલી ગામે ઉજવાયો પ્રવેશોત્સવ



ગામિત દેવેનભાઈ , આજરોજ તાપી જિલ્લા વ્યારા તાલુકાના ચીખલી ગામે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માં ગુજરાત રાજ્ય કક્ષા ના પ્રભારી મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સાહેબ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા તથા તાલુકા વિકાસ અધિકારી ડો.અલ્પના નાયર સાહેબશ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વર્ષાબેન વસાવા સાહેબ તેમજ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ નીતિનભાઈ ગામીત તેમજ ગામ ના પ્રથમ નાગરિક એવા સરપંચશ્રી સંગીતાબેન દેવેનભાઈ ગામીત તેમજ આરોગ્યશાખા ગ્રામ પંચાયતના સભ્યો શ્રીઓ આંગણવાડી સ્ટાફ આશાવર્કર બહેનો શિક્ષક ગણ મોટી સંખ્યા માં ગ્રામજનો ઉપસ્થિત રહી કાર્યક્રમ માં ચાર ચાંદ લગાવ્યા હતા જેમાં શિક્ષણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ આરોગ્ય વિશે જાણકારી આપી અંતે નવા જોડાયેલ બાળકો ને સ્કૂલ બેગ કીટ આપી અને એક પેડ માં કે નામ નું સૂત્ર આપી દરેક બાળકો ને એક વૃક્ષ આપવામાં આવ્યું ત્યાર બાદ તમામ આગેવાનો સાથે વૃક્ષા રોપણ કરી સૌનો આભાર વ્યક્ત કરી છુટા પડ્યા અને શાળા પરિવાર તથા ગ્રામપંચાયત ની સહકાર મળ્યો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહ થી પૂર્ણ કરવા માં આવ્યો સૌનો સાથ સૌનો આભાર.. અખંડ ભારત

# હિરાપુર ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પરમાર બાબુભાઈ રણછોડભાઈ ( પાચકુહાડા) નો ભવ્ય વિજય



કલાલ ઈસુબમિયા અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના હિરાપુર ગ્રામ પંચાયત ની સરપંચની ચૂટણીમા ૫ ઉમેદવાર ચૂટણી મેદાનમા ઝંપલાવ્યુ હતુ. સરપંચના ઉમેદવારોએ શામ દામ દંડ ભેદ ના તમામ પ્રયાસો થકી મતદારોને રીઝવવા ના પ્રયાસ કરી પોતાની તરફેણમાં મતદાન કરાવવા મથામણ કરી મતદાન કરાયું હતુ .જેનુ પરિણામ આજે જાહેર થતા પાચકુહાડા ના પરમાર બાબુભાઈ રણછોડભાઈ એ ૬૮૧ મત મેળવી નજીકના હરિફ કરતા ૧૦૯ મતોની લીડ મેળવી ભવ્ય વિજય થયો હતો. જેના વિજય સરઘસમાં ગામની અસંખ્ય મેદની ડીજેના તાલે ઝૂમી વિજયી ઉમેદવાર તેમજ વોર્ડના બિનહરીફ સભ્યોને હારતોરા કરયા હતા.

# વ્યારા તાલુકામાં ચીખલી ગામે શાળામાં શાળા પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો.



ધનરાજ ચૌહાણ

જેમાં મુખ્ય મહેમાન તરીકે મુકેશભાઈ પટેલ વન અને પર્યાવરણ મંત્રી,સુરજભાઈ વસાવા તાપી જિલ્લા પ્રમુખ ,રાકેશભાઈ કાચવાળા તાપી જિલ્લા મહામંત્રી , નીતિનભાઈ ગામીત કારોબારી અધ્યક્ષ તાપી જિલ્લા,

જિલ્લા શિક્ષણ પ્રાથમિક અધિકારી તથા શાળાના આચાર્યો ગામના સરપંચો અને અન્ય હોદ્દેદારો હાજર રહ્યા હતા અને તેઓની ઉપસ્થિતિમાં આ ચીખલી ગામની શાળામાં શાળા પ્રવેશ પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો ને સ્કુલ બેગ નું વિતરણ અને એક પેડ મા કે નામ તરીકે વૃક્ષોની ભેટ પણ આપવામાં આવી હતી.... અખંડ ભારત

# અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના મહિયાપુર ગામે નવાઘરા પ્રાથમિક શાળામાં પ્રવેશ ઊત્સવ કરવામાં આવ્યો.



રમણ ખાંટ , આ પ્રસંગે અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી ડેપ્યુટી કલેક્ટર શ્રી જીઈબી ઈજનેર ફોરેસ્ટર વિભાગ ના અધિકારીઓ તેમજ આરોગ્ય વિભાગ ના કર્મચારીઓ મહેશભાઈ માજી પ્રમુખ સરપંચ તલાટી અને ગ્રામજનો અને વાલીઓ હાજર રહ્યા હતા આ પ્રસંગે વિધાર્થીઓ એ મહેમાનો પુસ્તોકો થી સન્માન વિધિ કરવામાં આવી. માન્ય કલેટર સાહેબ શ્રી એ વિધાર્થીઓને અભ્યાસ માં સમય સર આવવા અને સમય નો સદઉપયોગ કરી આવનાર ભવિષ્ય ને ઉજવળ બનાવવા ની સલાહ સૂચન કરી આશીર્વાદ પાઠવ્યા. .. અખંડ ભારત

# બાલાસિનોર તાલુકા ની ૧૩ ગ્રામ પંચાયતની ચૂંટણી નું પરિણામ જાહેર



મુકેશ પટેલ

બાલાસિનોર તાલુકા માં ૧૩ ગ્રામ પંચાયતની ચુંટણી અને એક સાકરીયા ગ્રામ પંચાયતની પેટા ચુંટણી માટે ઉમેદવારો એડી ચોટીનું જોર કરી ભારે પ્રચાર પ્રસાર કરી ને મતદારો ને રિજવવાના પ્રયાસો કરી ને જીત મેળવી હતી. બીજા અનેક ઉમેદવારો ને પરાજય મળતા નિરાશા સોંપડી હતી ત્યારે છેલ્લા બે વર્ષ ઉપરથી ચાલતા વહીવટદાર રાજનો અંત આવ્યો હતો .

| ગ્રામ પંચાયત | વિજેતા ઉમેદવાર. | મળેલ મત |
|---|---|---|
| (૧) ગઢનામુવાળા | ભુપેન્દ્રસિંહ રત્નાભાઈ સોલંકી. | ૨૦ |
| (૨) બારીયા વગા | શકુન્તલાબેન ગુણવંતસિંહ પરમાર. | ૪૫૪ |
| (૩) કોતરબોર. | મંજુલાબેન હરિહર માછી. | ૨૨૨ |
| (૪) પાટડીયા. | દક્ષાબેન કનકસિંહ ચૌહાણ. | ૪૭૧ |
| (૫) કરણપુર. | કિરણભાઈ ડાહ્યાભાઈ ભરવાડ. | ૪૨૦ |
| (૬) તાજેરી. | રમેશકુમાર રાયજીભાઈ ચૌહાણ. | ૪૨૭ |
| (૭) પરબીયા. | અરુણાબેન મનોજકુમાર પ્રજાપતિ. | ૬૪૩ |
| (૮) પાંડવા. | ભારતીબેન દિનેશભાઈ માયાવંશી | ૫૪૭ |
| (૯) માળના મુવાડા | મનીષાબેન ઈન્દ્રજીતસિંહ ચૌહાણ. | ૪૫૦ |
| (૧૦) સરોડા. | કિરીટસિંહ પ્રતાપસિંહ ચૌહાણ. | ૧૧૬૬ |
| (૧૧) ડોડીયા-સિમડીયા. | લક્ષ્મીબેન ભલસિંહ. | ૪૩૯ |
| (૧૨) સાકરીયા ( પે. ચું) | નિલેશભાઈ ફતાભાઈ ચૌહાણ. | ૫૧૨ |
| (૧૩) વડદલા. | જવાનભાઈ ચતુરભાઈ પરમાર. | ૨૩૪૬ |

........અખંડ ભારત

# દાહોદ જિલ્લામાં યોજાયો પ્રવેશોત્સવ



**"આવો બનાવીએ.શાળા પ્રવેશોત્સવને સમાજોત્સવ"**

વિપુલકુમાર બારીયા, શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓનો વિકાસ થાય તે માટે માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવ અભિયાન દ્વારા ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે એક નવી ક્રાંતિ આવી છે.

ત્યારે આજે "શાળા પ્રવેશોત્સવ" કાર્યક્રમ અંતર્ગત દાહોદ તાલુકાના નીમનળીયા પ્રાથમિક શાળા ખાતે 'શાળા પ્રવેશોત્સવમાં' દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરીએ ઉપસ્થિત રહી બાળકોને શાળા પ્રવેશ કરાવ્યો આ અવસરે,બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું અને પર્યાવરણની જાળવણી હેતુ મહાનુભાવો સાથે વૃક્ષારોપણ કર્યું. - અખંડ ભારત

# શામપુર ગ્રામ પંચાયત સરપંચ પદે ગુર્જર હંસાબેન પ્રમેશકુમારનો ભવ્ય વિજય



કનુ,વાળંદ

મોડાસા તાલુકાની શામપુર ગ્રામ પંચાયતમાં સરપંચ પદની ચૂંટણીમાં પાંચ ઉમેદવારો ઉભા હતા. તેમાંથી ગુર્જર હંસાબેન પ્રમેશકુમાર વિજેતા જાહેર થતાં તેમના તમામ ટેકેદારો દ્વારા શામપુર ગામમાં વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. સાથે સાથે સરપંચના ઉમેદવાર શ્રીમતી હંસાબેન પ્રમેશકુમાર ગુર્જરે શામપુર ગામના તમામ મતદારોનો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો..... અખંડ ભારત

# ગુજરાતના મુખ્ય મંત્રી શ્રી પ્રવેશોત્સવ માટે મહિસાગર ના કડાણા ખાતે પહોંચ્યા




રિપોટર : વિપુલકુમાર બારીયા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મહીસાગર જિલ્લામાં કડાણા તાલુકાના દિવડા કોલોનીમાં આવેલ પીએમ શ્રી મોડેલ સ્કૂલ ખાતેથી શિક્ષણ મંત્રીશ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર દાહોદના સંસદ શ્રી જશવંતસિંહ ભાભોર તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં બાલવાટિકાના નાના ભૂલકાંઓ તેમજ પ્રાથમિક કક્ષાએ બાળકોને શૈક્ષિણક કીટના વિતરણ દ્વારા શાળા પ્રવેશ કરાવીને 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫'નો રાજયવ્યાપી શુભારંભ કરાવ્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા સિદ્ધ કરનાર વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક કીટ માટે સહયોગ આપનાર દાતાશ્રીને સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત વધુને વધુ દીકરીઓને લાભાન્વિત કરવાના હેતુથી દાતાઓ દ્વારા કુલ ?૨ લાખના ચેક મુખ્યમંત્રીશ્રીને અર્પણ કરવામાં આવ્યા હતા.મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે આજે શાળા પ્રવેશ કરી રહેલ સૌ વિદ્યાર્થીઓના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરતાં જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવથી ડ્રોપ આઉટ રેશીયો નિરંતર ઘટ્યો છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાનશ્રીએ શાળા, શિક્ષક અને શિક્ષણ પર ભાર મૂક્યો છે, આ ત્રણેય એક સાથે આગળ વધે તો જ સમાજ, ગામ, શહેર, જિલ્લો, રાજ્ય અને દેશનું ઉત્થાન થાય છે.મુખ્યમંત્રીશ્રીએ નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના સહિતની યોજનાઓથી મળી રહેલ સહાય અંગે સૌને માહિતગાર કરી, રાજ્યમાં છેલ્લા બે દાયકામાં શિક્ષણ ક્ષેત્રે આવેલ પરિવર્તન અંગેની રૂપરેખા આપી હતી તેમજ સૌ સાથે મળીને વિકસિત ભારત માટે વિકસિત ગજરાત બનાવવા જ્ઞાનના પ્રકાશથી સ્વયં, સમાજ અને રાષ્ટ્રને પ્રકાશિત કરીશું એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે ઉલ્લાસમય શિક્ષણની ઉજવણીના આ અવસરે સમગ્ર શાળા સંકુલ ખાતે ઉપલબ્ધ સુવિધાઓ રસપૂર્વક નિહાળી હતી તેમજ મોડેલ સ્કૂલના ક્લાસરૂમની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે વાત્સલ્યભાવે વાતચીત કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે શાળાના શિક્ષકો તેમજ વાલીઓ સાથે સંવાદ સાધી તેમને શાળા અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સક્રિય યોગદાન આપવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરી, પકૃતિ વંદનાના આ અભિયાનમાં જોડાવા સૌને આહવાન કર્યું હતું.. . અખંડ ભારત




શ્રી ટોરડા જૂથ આદર્શ જૂથ પ્રાથમિક શાળા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રેવશોત્સવ-૨૦૨૫ તારીખ ૨૬/૦૬/૨૦૨૫ ના ગ્રુરુવાર રોજ આયોજન કરવામાં આવ્યું .જેમાં શાળા વ્યવસ્થાપન સમિતિ, આચાર્ય સાહેબ તથા શાળા પરિવાર, આગણવાડી પરિવાર. મુખ્યમહેમાન એ .વી પાંડોર ,કાર્યપાલક ઇજાનર યુજીવીસીલ ચિરાગભાઈ કે.ની. ભિલોડા બીટ ૨,જયેશભાઇ પટેલ સી આર સી ટોરડા. શાળાના આચાર્યશ્રી રાજેશભાઈ પટેલ, ભાટી જીતેન્દ્રસિંહ,જેસીંગભાઇ પટેલ, સંકેતકુમાર પરમાર હાજર રહ્યા હતા.તેમાં વૃષારોપણ તથા વિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા..... અખંડ ભારત

# વિજળી પડવાથી થયું કરુણ મોત



ઠાકોર જકસિંહજી / સુરેશભાઈ ઠાકોર

આજરોજ મહેસાણા જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ધનાવાડા ગામનો યુવાન ઠાકોર અલપેશજી જાલમજી જે ગોપાલ નમકીન માં નોકરી કરતો હતો અને સવારે પાટણ તાલુકાના મોડોત્રી બસસ્ટેશન પર ઉભો હતો અને વરસાદ ના કારણે વિજળી પડવાથી પડવાથી પડી ગયો હતો ત્યાં ના સ્થાનિક લોકો એ તાત્કાલિક એકસો આઠ ને ફોનકરી ૧૦૮ માં ધારપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા ડોક્ટરે એમને મુત્યુ થયાનું જાહેર કર્યું હતું જે યુવાન ના માતા પિતા ધનાવાડા ગામે ખેતી કરી ગુજરાત ચલાવે છે અને ઘરમાં કમાનાર એક આશાસ્પદ યુવાન નું મોત થતાં આખા ગામમાં માતમ સાથે ગમગીની છવાઈ હતી અને ખુબજ દુઃખ ઘટના બની હતી. - અખંડ ભારત

## સુઈગામ તાલુકાના ખડોલ ગામમાં કન્યા કેળવણી તથા શાળા પ્રવેશત્વ યોજાયો



હીરજીભાઈ ચૌધરી-

થરાદ સુઈગામ તાલુકાના ખડોલ ગામમાં કન્યા કેળવણીમાં જિલ્લામાંથી મુખ્ય મહેમાનશ્રી ડોક્ટર એન.પી. મકવાણા સાહેબ તથા ભારતીય જનતા પાર્ટીના સુઈગામ તાલુકાના પ્રમુખ શ્રી લક્ષ્મણભાઈ ચૌધરી તથા પૂર્વ પ્રમુખ ભાટા સાહેબ, CRC ઝાલા તથા ગામના સરપંચ શ્રી હીરજીભાઈ ચૌધરી અને શિક્ષક મિત્રો તથા ગ્રામજનો ખૂબ જ મોટી સંખ્યા મા હાજર રહી અને કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો છે બાળવાટિકા અને ધોરણ ૧ મા પ્રવેશ કરવા આવેલ. -

અખંડ ભારત

## ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લા દ્વારા કટોકટી દિવસની ઉજવણી થઇ



મુકેશ પટેલ

મહીસાગર ના બાવન પાટીદાર સમાજ ઘર લુણાવાડા ખાતે વકતવ્યનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં વક્તા તરીકે અમદાવાદ લોકસભા ના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, મહીસાગર જિલ્લા પ્રમુખ દશરથભાઈ બારીયા , જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઇ પટેલ , પૂર્વ ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવક, હિરાભાઈ પટેલ, કાળુભાઈ માલીવાડ, સંકલ્પ થી સિદ્ધિ મોદી સરકાર ના ૧૧ વર્ષ ના ઈનચાર્જ હિમાંશુભાઈ શાહ, સહ ઈનચાર્જ ડાહ્યાભાઈ પટેલ , તેજસભાઈ શાહ, કમલેશભાઈ પાડીયા સહિત , જિલ્લા ના હોદ્દેદાર, જિલ્લા પંચાયત સભ્ય,મંડળ ના પ્રમુખ નગરપાલિકા તાલુકા પંચાયત પ્રમુખ ના નગરપાલિકા કોર્પોરેટર સહિત મોટી સંખ્યા માં કાર્યક્તા હાજર રહ્યા હતા.

જેમના પરિવાર મિસામાં ગયેલા હતા જતીનભાઈ જોશી ગીતબેન જોશી નુ સાંસદ શ્રી ના હસ્તે સ્વાગત કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમ નું આયોજન સમીરભાઈ મહેતા ધ્વારા કરવામાં આવ્યું

અખંડ ભારત

## મહાદેવપુરાના સરપંચ ચુંટાયા



સંજીવ કુમાર શર્મા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગામ મહાદેવપુરા ના સરપંચના કૈલાસગીરી ચંપાગીરી ગોસ્વામી ઉમેદવાર જંગી બહુમતી જીત થયેલ છે મહાદેવપુરા ગ્રામજનો ખૂબ સાથ સહકાર આપ્યો હતો.

- અખંડ ભારત


## કરુંડા ગ્રામપંચાયત ચુંટણીમાં વિજય



શૈલેષ વણજારા

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના કરુંડા ગામમાં યોજાયેલી ગ્રામપંચાયતની ચૂંટણીમાં સંગિતાબેન રાકેશભાઈ વણજારાએ વિજય થઈ ગામના વિકાસ માટે એક નવી આશા જગાવી છે.ગ્રામજનો દ્વારા મળતી માહિતી મુજબ, સંગિતાબેનને ગામના તમામ વર્ગોના મતદારોનો નોંધપાત્ર ટેકો મળ્યો હતો. તેમના સરળ સ્વભાવ અને સેવા ભાવના બદલ તેમણે ગામના લોકોમાં વિશેષ વિશ્વાસ પામ્યો છે.ગામના નાગરિકોએ ફૂલહાર સાથે વિજેતા ઉંમેદવારનું હર્ષભેર સ્વાગત કર્યું હતું. આ ચુંટણી પરિણામથી કરુંડા ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે અને નવા વડાપણે ગામના વિકાસ માટે આશા જાગી છે.અખંડ ભારત

## ભાવનગર ઇસ્કોન મંદિરમાં પણ રથયાત્રા નું આયોજન



વિકાસ ચોઈથાની

ભાવનગર શહેર ના લીલા સર્કલ,સિદસર રોડ, ભક્તિ વેદાંત સ્વામી માર્ગ પર આવેલ ઈસ્કોન મંદિર દ્વારા અષાઢી બીજ ના રોજ ભગવાન જગન્નાથજી ની રથયાત્રાનું આયોજન કરવા માં આવેલ છે.આ રથયાત્રા હરે રામા હરે કૃષ્ણના નાદ સાથે ભાવિભક્તો દ્વારા કરવામાં આવશે.

આ રથયાત્રામાં ૨૫૧ કિલો ચણા અને ૨૫૧ કિલો બુંદી સાથે ફ્રૂટ પ્રસાદીનું પણ વિતરણ કરવા માં આવશે.આ રથયાત્રામાં અતિથિ વિશેષ ઈસ્કોનના આચાર્ય રાધાગોવિંદ ગોસ્વામી મહારાજ ની ઉપસ્થિતિ રહેશે.તેમજ દેશ વિદેશ ના ભાવિભક્તો પણ આ રથયાત્રા માં જોડાશે..

આ રથયાત્રા નો રથ ૨૫ ફૂટ લાંબો,૬ ફૂટ ઊંચા પૈડા અને હાઈડ્રોલિક દ્વારા ૩૨ ફૂટ રથ લાંબો થઈ શકે છે.આવા ગગનચુંબી રથ માં ભાવનગર સ્થિત ઈસ્કોન મંદિરે થી ભગવાન જગન્નાથજી નગરયાત્રા કરશે.

આ ઈસ્કોન રથયાત્રાની તૈયારી પૂર જોશ માં ચાલી રહી છે આખરી ઓપ અપાઈ રહેલ છે.. અખંડ ભારત

## શ્રી શેરપુર પ્રા. શાળામાં પ્રવેશોત્સવ યોજાયો




અમૃત વણકર

સાબરકાંઠા જિલ્લામાં ઈડર તાલુકામાં શેરપુર ખાતે આજ રોજ તા.૨૬/૬/૨૫ ના દીને શાળા પ્રવેશોત્સવ નીમીતે ઈડર વડાલી ધારાસભ્ય શ્રી રમણલાલ વોરા, તાલુકા શિક્ષણ અધિકારીશ્રી , તાલુકા પ્રમુખશ્રી, ખેતીવાડી બજાર સમિતિ ના ડીરેક્ટર પરેશ પટેલ , શેરપુર સરપંચ શ્રી તેમજ શાળા સમિતિના સભ્યો અને શિક્ષક ગણ , આશા વર્કર બહેનો હાજર રહી શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી કરી શાળા પ્રવેશ ખુલ્લો મુકવામાં આવ્યો તેમજ શેરપુર પ્રા.શાળા માં એક ઓરડાની ઘટ હતી તે બાબતે શાળા ના શિક્ષકો , સભ્યો દ્વારા મા . ધારા સભ્ય શ્રી ને રજૂઆત કરતા ધારાસભ્ય શ્રી એક ઓરડો મંજુર કરી આપવાની જાહેરાત કરી તે બદલ ગ્રામ જનોએ આભાર વ્યક્ત કર્યો .....

અખંડ ભારત

## બનાસકાંઠાના કાંકરેજ માં પડી વિજળી



અરવિંદસિંહ પરમાર

કાંકરેજ તાલુકા ના ચેબલા ગામે સવારે વીજળી પડવાથી ઘર ને ભારે નુકસાન થતા હાલત કફોડી ,જોકે કોઈ જાનહાની ના થતા હાશકારો અનુભવ્યો .કાંકરેજ તાલુકા ચેબલા ના ખેડૂત કાપડી પરસોતમ ભાઈ ડામરાભાઈ સવારે વરસાદ આવ્યો ત્યારે ઘરમાં હતા વરસાદ સાથે વીજળી પડતા મકાન ને ભારે નુકસાન આવ્યું જેવી વીજળી પડતા ઘરના તમામ સભ્યો દોડી ગયા ને કોઈને કશું નુકસાન ન થયુ. અખંડ ભારત

## સરકારી યોજનાઓથી નવી શિણોલ ના લોકોને સંતોષ



રોનક પંડ્યા

અરવલ્લી જિલ્લામાં ધનસુરા તાલુકાના નવી શિણોલ ગામે પંડિત દિન દયાલ વ્યાજબી ભાવની દુકાન ઉપર કાર્ડ ગ્રાહકો સાથે રૂબરૂ પૂછતા સરકાર તરફથી મળતું અનાજ જેવું કે ઘઉં ચોખા દાળ કઠોળ અને ખાંડ જે સરકારશ્રીના નિયમ મુજબ મળે છે કે કેમ જે ગ્રાહકોને પૂછતા ગ્રાહકો તરફથી સંતોષ કારક જવાબ મળેલ છે જે સરકારની આ યોજના સારી છે લોકો સુધી આ લાભ મળે એવો સરકારનો અભિગમ છે વ્યાજબી ભાવની દુકાનની તપાસ કરતા સભાસદો તરફથી સારો જવાબ મળેલ છે કોઈ તકલીફ નથી પુરવઠો પૂરેપૂરો મળે છે સંચાલકને પૂછતા સંચાલકે એવું કહ્યું કે અમે સો ટકા વિતરણ કરવાનું આયોજન કરેલું છે જેથી પૂરેપૂર અનાજનું પૂરેપૂરું વિતરણ કરવામાં આવે છે. અખંડ ભારત

## ધાનપુર તાલુકાના ઉંડાર ગામે પ્રાથમિક શાળા કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ



રમણ મોહનિયા - તારીખ ૨૬ ૬ ૨૦૨૫ ના રોજ કાર્યક્રમમાં ઉપસ્થિત બાળ વાટીકા છોકરીઓ આઠ અને છોકરા ૨૦.ધોરણ ૧ માં ૧૨ છોકરીઓ ની છોકરા નો આંગણવાડી માં સાત છોકરીઓ ૧૪ છોકરા નો પ્રવેશ કરવામાં આવેલ છે. તેમાં મોઘેરા મહેમાન ઉપસ્થિત મોહનિયા અભેસીગભાઈ દાહોદ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ સાહેબ તથા સીઆરસી શ્રી પટેલ દિલીપ કે. આચાર્યશ્રી વિશાલે બેન તથા ગામના પ્રથમ નાગરિક સરપંચ શ્રી ભારતીબેન આર મોહનિયા ની ઉપસ્થિતિમાં ઉડાર પ્રાથમિક શાળા ખૂબ ભાવભીનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

તેમાં ઉપસ્થિત ગામના બાળકો,આગેવાનો, ભાઈઓ, બહેનો, આંગણવાડી બહેનો, સંચાલક ભાઈઓ તમામની ઉપસ્થિતિમાં ખૂબ મોટી સંખ્યામાં રહી હતી.

અખંડ ભારત

## શ્રી શંકર વિદ્યાલય ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો.



નરેશ પ્રજાપતિ - કાર્યક્રમનો પ્રારંભ માં આમંત્રિત મહેમાનો, શિક્ષકગણ અને વાલીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો. આચાર્યશ્રીએ પોતાના સ્વાગત પ્રવચનમાં નવા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શાળા જીવનની શુભકામનાઓ પાઠવી અને તેમને શિક્ષણના મહત્વ વિશે સમજાવ્યું.આ પ્રસંગે, ધોરણ -૯ અને ૧૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુમકુમ તિલક અને પુષ્પગુચ્છ આપીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું. તેમને પાઠ્યપુસ્તકો અને શૈક્ષણિક કીટ ભેટ સ્વરૂપે આપવામાં આવી, જેનાથી તેમના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી. આ ઉપરાંત, શાળામાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા.કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત, દીકરીઓના શિક્ષણના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો. આમંત્રિત મહેમાનો દ્વારા કન્યા કેળવણીના ફાયદાઓ અને સમાજમાં દીકરીઓના યોગદાન વિશે પ્રેરક ઉદ્બોધનો આપવામાં આવ્યા.

તેમણે વાલીઓને પોતાની દીકરીઓને શાળાએ મોકલવા અને તેમને ઉચ્ચ શિક્ષણ અપાવવા માટે પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમમાં તેજસ્વી કન્યા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવી, જે અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બન્યું.વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા, જેણે ઉપસ્થિત સૌ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ કાર્યક્રમોમાં કન્યા કેળવણી અને શિક્ષણના મહત્વના સંદેશાઓને કલાત્મક રીતે રજૂ કરવામાં આવ્યા હતા.શાળાના આચાર્શ્રી સિધ્ધાર્થ પ્રજાપતિ એ કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપનાર સૌનોઆભાર માન્યો .વિદ્યાર્થીઓ અને વાલીઓમાં શિક્ષણ પ્રત્યે નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર જણાયો.... અખંડ ભારત

## પ્રાંતિજ તાલુકાના તાજપુર પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો



કુવંરસિહ ચૌહાણ

બાળકો ના ઉજવળ ભવિષ્ય નો મંગલ પ્રવેશ બે દાયકાથી તત્કાલીન મુખ્યમંત્રી અને યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ના નેતૃત્વમાં શરૂ થયેલા શિક્ષાયજ્ઞ ના મહત્વ ના કાર્યકમ શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫ ના શુભારંભ અવસરે સાબરકાંઠા ના પ્રાંતિજ તાલુકામાં તાજપુર ૧ અને ૨ પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા ધોરણ ૧ માં બાળકોને પ્રવેશ કરાવી શાળા પ્રવેશ કીટ આપી વિદ્યારંભ કરાવ્યો આ તકે એક પેડ માં કે નામ અંતગર્ત વૃક્ષારોપણ કર્યું આ કાર્યક્રમમાં સાબરકાંઠા સાંસદ શોભનાબેન બારૈયા અને પ્રાંતિજ તાલુકા સંગઠન પ્રમુખ કલ્પેશભાઈ,નાયબ પશુપાલન અધિકારી જે બી પટેલ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા....

અખંડ ભારત

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar- PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697